પ્રેમમન્ડળ.

પુસ્તક ૩ જું

(અન્તર્ગત.)

રાજર્ષિ-ભર્તૃહરિ.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

બુકસેલર-અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ-અમદાવાદ.

સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

૭૪૪૯

ભર્તૃહરી.

ભર્તૃહરી એ માલવાનો મહાપ્રસિદ્ધ રાજા હતો, તેનું ચરિત્ર સાંસારિક ને પારમાર્થીક ભેદજ્ઞાતા મહદ્ ઉપદેશક છે. **ભર્તૃહરીનું** નામ આર્યપ્રજા મહાગૌરવથી ઉચ્ચારણ કરે છે. એ રાજર્ષિ, મહાન્ યોગીન્દ્રના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે—એ ગીર્વાણગીરામાં સમર્થ વિદ્વાન્ હતો. તે શૃંગાર, નીતિ અને વૈરાગમાં કુશળ હતો. સદરહુ ત્રણ્ય વિષયનાં તેનાં રચેલાં ત્રણ્ય શતક, **શૃંગારશતક**, **નીતિશક** અને **વૈરાગશતક**, આજ વિશ્વવિખ્યાત છે, અને લોકોને રૂચીકર થઇ પડેલ છે; કારણકે એ ત્રણ્યે શતકમાં જે જે ભાવાર્થના શ્લોકો છે, તથા તેમાં જે અનુપમ અવર્ણનીય ઉદેશ સમાયલો છે, એ ખરીખુબીને જાણનારા સજ્ઞાન સમજી શકે તેમ છે. તેના જેવા માર્મિક અદ્ભુત ચમત્કૃતિવાળા શ્લોકો અન્ય સંસ્કૃત પુસ્તકોમાં

જવલેજ દૃષ્ટિએ આવે છે, એમ કહેવામાં જરા અતિશયોક્તિ નથી. સંસારમાં સ્વાભાવિક અરૂચિ થયેલાને તો શૃંગારમાં યોજવાને માટે તેનું **શૃંગારશતક** પરમાવધિ છે. **નીતિશતક** એ વક્તાઓને તો ઉપરાઉપરી દૃષ્ટાન્તો આપવામાં સાહિત્યના ભંડાર રૂપ છે. અને તેનું ત્રીજું **વૈરાગશતક** ગમે તેવી વિપત્તિ યુક્ત વ્યાવહારિક સ્થિતિમાં એક અવિચલ સુખનું સ્થાન આપનાર તથા પુરૂષાર્થના ઉત્તમ અંકુરો સ્ફુરાવમાન કરનાર તથા મોક્ષના સાધનમાં લગાડનાર છે. **ભર્તૃહરી**ના **વૈરાગશતકથી** તો અવધિ છે!!! આ ત્રણ્ય શતક વગર પણ **ભર્તૃહરી**ના રચેલા અન્ય ગ્રન્થો પણ છે. તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે–તે મહાસમર્થ વિદ્વાન્ હતો, અને વિદ્વાનોનો પોશીંદો હતો, તેની વિદ્વત્તા ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે તેના સમયમાં સંસ્કૃત ભાષા સતેજ હતી. **ભર્તૃહરી** એ એક પ્રસિદ્ધ વૈયાકરણી અને વાક્યપદીપનો કર્ત્તા હતો. **ભર્તૃહરી**ના વાક્યપદીપના સાતસો શ્લોક છે.

રાજર્ષિ ભર્તૃહરીના સંબંધમાં તે કોનો પુત્ર, તથા કયા સૈકામાં થયો, તથા તેને કેટલા બન્ધુ હ-

તા, તે માટે ઘણા મત છે; તો પણ આધાર ભૂત જે વાર્ત્તા મળેલી છે, તે પ્રમાણે જોતાં તો **ભર્ત્તૃહરી** એ અવંતિકા–ઉજેનનારાજા **ગર્ધવસેન**નો જ્યેષ્ઠ પુત્ર હતો. તેને **વિક્રમાદિત્ય** નામનો ભાઈ હતો. કોઈનું એમ કહેવુંછે કે–**ભર્ત્તૃહરી**ને, **વિક્રમ, ભટી** અને **વરરૂચી** એ નામના બીજા ત્રણ ભાઇ મળીને એ ચાર ભાઇઓ હતા; પણ લૌકિક આખ્યાઈકા તથા ઉપકથાએ: તરફ દૃષ્ટિ ફેંકતા **વિક્રમાદિત્ય** એ **ભર્ત્તૃહરી**નો નાનો ભાઈ હતો એ વાત તો નિર્વિવાદ છે; કેમકે એ બે ભાઇઓના સંબંધની વાર્ત્તા મળી આવે છે. **ભર્ત્તૃહરી**એ ઉજેનીમાં પરમાર ગાદીએ રાજ્ય કર્યું હતું તેને ત્રણસો રાણી હતી તેમાંથી **પિંગલા** નામની રાણી સર્વેથી વિશેષ પ્યારનું પાત્ર હતી, છતાં સ્ત્રીના દુષ્ટ સ્વભાવ પ્રમાણે જેણે એક અશ્વાપાલ રાવતથી જારી કરી હતી. તે તેનું દુષ્ટ કૃત્ય તેની પ્રાપંચિક મોહ જાળથી, **ભર્ત્તૃહરી**ના જાણવામાં ન હતું. પરન્તુ એક અમર ફળ દ્વારા તેનું પોકલ પ્રકાશમાં આવી ગયું. અને તેથી પોતાના શુદ્ધ પ્રેમમાં રાણીનું આવું દુષ્ટાચરણ નિરખી સંસાર ઉપર અરૂચી ઉત્પન્ન થતાં તુ-

રતજ તીક્ષ્ણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને તે અંતે યોગી થઇ ચાલ્યો ગયો. જે આજે પણ અમર છે. હવે તેનાં વ્યાવહારિક ચરિત્રો ઉપર નજર કરતાં તે સર્વ કાર્યોનો અનુભવી, સંગીત શાસ્ત્રમાં પ્રવીણ, મિથ્યાભિમાનનો તિરસ્કાર કરનાર, વિદ્યાની વૃદ્ધિ કરનારો, સત્યાસત્યને જાણનાર અને દૃઢ ન્યાયી હતો. આવા મહાનિપુણ રાજા એ પિંગલાના દુષ્ટાચરણથી ખેદ પામી વૈરાગ્ય લીધો, તેનું કારણ એટલુંજ જણાય છે કે-આ ભવસાગરમાં આપણે દેહ રૂપી વાહાણ ઝુકાવ્યું છે. તે વાહાણ જેમ પાટીયાં અને ખીલાઓથી મજબૂત કરવામાં આવે છે, તેમ આ દેહ રૂપી વાહાણ કામક્રોધાદિ પાટીયાં અને દયા, ક્ષમા-આદિ ખીલાથી સજડ છે. સમુદ્રમાં ચાલતાં વાહાણને અનુકૂળ પવન હોય છે અને ખરાબા હોતા નથી તો સુગમ રીતિથી ચાલ્યું જાય છે, તેમ જો આ દેહ રૂપી વાહાણને દુષ્ટાચરણી સ્ત્રીરૂપી ઝેરીલો પવન અને દુર્વિચાર-આદિ ખરાબા ન હોય તો તો દેહ રૂપી વાહાણથી સહજમાં ભવસાગર તરી શકાય છે; પરન્તુ સાંસારિક પ્રબળ ઝેરી પવનના સપાટામાં ગમે તેવો સમર્થ વિદ્વાન્

પણ સપડાઇ જાય છે; તે પ્રમાણેજ રાજર્ષિ ભર્તૃહરી સમર્થ વિદ્વાન્ છતાં પણ સાંસારિક મોહજાળના પ્રબળ પવનના વંટોળીઆમાં લપટાઇ ગયો. તો સાધારણ મનુષ્યની તો વાતજ શી? સાંસારિક નાનાપ્રકારનાં વિઘ્નોમાંથી મનુષ્ય પાર થવાનો સંભવ છે, પણ સ્ત્રીરૂપી વંટોળીઆ પવનના જોસથી ગમે તેવો નિતીજ્ઞ પુરૂષ પણ ચક્કર ખાઇ અવળે માર્ગે અનુસરે છે. અને તે પવન સદ્‌ગુણ રૂપી ખીલાઓને જોસથી મરડી મચેડીને ઉખેડી નાખે છે. અને તેથી દુર્વિકાર રૂપ પાટીમાં શિથિલ થઇ જતાંની સાથેજ તેમાં બેઠેલાને ભવસાગરમાં એવો તો બોળી નાખે છે કે પછી તેનો પત્તોજ લાગવો મુશકેલ થઈ પડે છે. અને તેવીજ શોચનિય સ્થિતિ ભર્તૃહરીની થઇ પડી હતી. હવે તેની સ્ત્રી પિંગલાના સંબંધમાં વિચાર કરી જોતાં તેમાંથી ઘણું શિક્ષણ લેવા યોગ્ય છે. સ્ત્રી ગમે તેવો પાતિવ્રતનો દેખાવ રાખતી હોય, તોપણ તેને સ્વપ્ને પણ આધીન થવું નહિ, અને પોતાની પત્નિ શુદ્ધ-પ્રેમાળ છે. એવું જુઠું અભિમાન રાખી બેદરકાર પણ રહેવું નહિ. જો કે સાંસારિક સુખનું સર્વોત્તમ સાધન સ્ત્રી છે એ વાત નિર્વિવાદ છે. તેમજ સવ

દુ:ખનું મૂળ કારણ પણ સ્ત્રી છે એ પણ નિર્વિવાદ છે. **પિંગલાનાં** ચરિત્ર ઉપરથી એમ સમજી લેવાનું નથી કે-સર્વ સ્ત્રીઓ એવી નઠારીજ હોય છે. જેમ સ્ત્રીઓ વ્યભિચારી હોય છે. તેમ પુરૂષો પણ વ્યભિચારી હોય છે. વખતે એવા પણ સંજોગો બને છે કે-નિર્દોષ અબળા ઉપર પુરૂષ ખોટા વેહેમને લીધે તેના પવિત્રપણા વિષે શંકામાં પડી જાય છે, અને તેથી સ્ત્રી ઉપર ત્રાસ વરતાવી સાહસિક પુરૂષને પસ્તાવામાં પડવું પડે છે. માટે સર્વ સદ્‌ગૃહસ્થોને વિનતિ કરવામાં આવે છે કે-પ્રથમ તો સારાસારનો વિચાર કરીને પગલું ભરવું એ વિશેષ હિતાવહ છે, અને તે કારણથીજ આટલું લખવાની અગત્ય જણાતાં આ લેખ આટલેથી સમાપ્ત કરી હવે **ભર્તૃહરીના** સંબંધનો લેખ આગળ ચલાવવામાં આવે છે.

ભર્તૃહરીએ વિશ્વવિખ્યાત રાજેન્દ્ર હતો. તે ઉજ્જેનમાં રાજ કરતો હતો. તેના પિતાનું નામ **ગર્ધવસેન** હતું. તેને **વિક્રમાદિત્ય** નામનો મહા શૂરવીર, નીતિવાન્ અને વિદ્વાન્ ભાઇ હતો. **ભર્તૃહરીએ** પોતાના ગુરૂ પાસેથી વ્યાકરણાદિ સંસ્કૃત ભાષાનો પૂર્ણ અભ્યાસ

કરેલો હતો. તેમજ તે અન્ય શાસ્ત્રોમાં પણ મહા-સમર્થ હતો. તે સંસ્કૃત ભાષામાં ધુરંધર પંડિત તથા મહાકવિ હતો. પ્રજાનું પુત્રવત્ પાલન કરનારો હતો. પ્રજાને વિદ્યા યુક્ત કરી તેમનાં જ્ઞાન ચક્ષુ ઉઘાડયાં હતાં. પુણ્યનો માર્ગ પ્રસરાવ્યો હતો. ધર્મની અભિવૃદ્ધિ કરી હતી. શત્રુઓનો વિધ્વંશ કરયો હતો. દુરા-ચારીઓને શિક્ષા કરી દોર તોડયો હતો. કવિ અને વિદ્વાનોને આશ્રય આપતો હતો. સદ્‌ગ્રન્થોને સાહા-યતા આપી તેની અભિવૃદ્ધિ કરતો હતો. તેમજ તે મહાશૂરવીર, રણધીર અને અદ્‌ભુત પરાક્રમવાળો હતો. દયા, ક્ષમા, શાન્તી, સન્તોષ અને વિનય—આ-દિ સદ્‌ગુણોનો પ્રચાર પ્રજામાં પ્રચિલત કરયો હતો. અને અસત્ય, અનીતિ અને વ્યભિચારાદિ અનેક દુ-ર્ગુણોને દેશપાર કરયા હતા, તેના આઠ પ્રધાન સ-મર્થ વિદ્વાન્ હતા. તેમજ સેનાપતિ પણ યુદ્ધમાં ચ-તુર, બ્યૂહરચના જાણવાવાળો, શૂરવીર અને વિદ્વા-ન્ હતો. તેની રાજસભામાં સર્વે પંડિતો વિરાજતા હતા. તેનું રાજ્ય નીતિથી ઉત્તમ પ્રકારે ચાલતું હતું; કોઇના ઉપર અન્યાય ગુજરતો નહિ. સારાસારનો પૂર્ણ

તપાસ કરી સર્વને પૂર્ણ સંતોષ આપતો હતો. પ્રજાનું શ્રેય કરવામાં મહાઉત્સાહ પૂર્વક ભાગ લેતો હતો. તેણે ધર્મનો ઉપદેશ કરવાને માટે ધર્માચાર્યોને રાખેલા હતા. તે શહેરમાં અને ગામડાઓમાં સ્થળે સ્થળે ધર્મનાં રહસ્યને સમજાવતા હતા. કાવ્ય શાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, ઔષધશાળાઓ અને કન્યાશાળાઓ તેણે કરાવી હતી. તેના રાજ્યમાં પ્રજા ઉપર કોઇ પણ પ્રકારનો કર વા અન્યાય હતોજ નહિ. રામરાજ્યના સદૃશ પ્રજાને સુખ મળતું હતું. ઉદાર, ધર્મ સ્વરૂપ, ન્યાયી મહારાજા **ભર્ત્તૃહરિની** રાજ-વ્યવસ્થા ઉત્તમ પ્રકારે ચલાવવા તરફ પૂર્ણ લક્ષ હતું. અને તેથી તેના સામ્રાજ્યમાં રૈયત પૂર્ણ સુખાનંદથી કલ્લોલ કરી કાળ ક્રમણ કરતી હતી. પ્રજાનો રાજા ઉપર અને રાજાનો પ્રજા ઉપર પૂર્ણ પ્રેમ હતો, **મહારાજા ભર્ત્તૃહરિને** ત્રણસો રાણીઓ હતો. તે સર્વમાં **પિંગલા** સ્વરૂપવાન્ વિશેષ હોવાથી રાજાનો તેના ઉપર ઘણો મોહ હતો. રાજર્ષિ **ભર્ત્તૃહરિ** વિદ્વાન્ ! ગુણ સંપન્ન અને વિચક્ષણ છતાં '**દૈવીવિચિત્રાગતિ**' એ પ્રમાણે પિંગલાના ગુણની પરિક્ષા ક-

યાં નજર માત્ર તેના રૂપ ઉપરજ મોહ્યો હતો, તેને ખબર નહતી કે દુષ્ટ, પિંગલા ઇન્દ્રવરણાં સમાન છે. તે પિંગલામાં કામાંધ થઇને સદૈવ નિમગ્ન રહેતો હતો. ઉત્તરોત્તર તે મહારાજા! પિંગલાના મોહ પાસમાં વિશેષ સપડાઇ દિવસનો ઘણો ભાગ તેની પાસેજ ગાળતો હતો. અને તેથી ત્રણુસોરાણીઓમાં પિંગલા સર્વથી માનીતી થઇ પડી હતી. રાજાને ખોટા પ્રીતિપાસમાં સપડાવી ઉપરથી પતિવૃત્તાનો સઘળો આડંબર બતાવી ગુપ્ત રીતે એક નિચ, કુલટા દુરાચારી દાસીના દુઃસંગથી એક નિચ રાવત–અશ્વપાલ સાથે પ્રીતિમાં લુબ્ધ થઇ ગઇ હતી. એ અશ્વપાલની નિચ સોબતનું ફળ અને સદૈવ ધર્મ અને નીતિનો ઉપદેશ ન મળવાની ન્યુનતાનું પરિણામ હતું. આ વાર્તા કોઇના પણ જાણુવામાં ન હતી. રાજા ઘણો સમય રંગમોહોલમાં વ્યતિત કરતો હતો; છતાં પણ પિંગળાના કૃત્રિમ આડંબરથી લુબ્ધ થઇ જતાં તેને કાંઇ પણ જાણુવામાં આવ્યું ન હતું. રાજા રંગમોહોલમાં વિશેષ વખત ગાળતો અને રાજ્ય કારભાર ઉપર તે પૂર્ણ લક્ષ આપતો નહિ તે

વાર્તા અમાત્ય મન્ડળ- આદિને રૂચતી ન હતી. અને તે માટે તેના અંગત મિત્રોએ ઘણીવાર ઉપદેશ દ્વારા સૂચના કરી હતી. ભર્ત્તૃહરિને ઉત્તમ મિત્રોની ન્યુનતા ન હતી. તેના મિત્રોએ રાજ્યના તથા રાજાના શ્રેયાર્થે પોતાનાથી થાય તેટલું કરવામાં કચ્ચાશ રાખી ન હતી; પરંતુ દૈવ પ્રતિકુળ હોવાથી રાજાએ તે પ્રત્યે દુર્લક્ષજ દાખવ્યુ હતું; કારણ કે પિંગળાને માટે તેના હૃદયમાં યત્ કિંચિત્ પણ અણવિશ્વાસ ન હતો. તે પિંગળા ઉપર પૂર્ણ રીતે લુબ્ધ હતો. તેથી તેના પ્રમાણિકપણા તથા પતિવ્રતના સંબંધમાં તેના હૃદયમાં સંશયને સ્થાન મળે તેમ ન હતું; કેમકે જેના ઉપર પોતાની પ્રીતિ છે, અને જે પોતાને અનુકૂળ છે તે માટે ગમે તેટલાં વિરૂદ્ધ વચનો કહે, તો પણ તે સામાના મન ઉપર જરા પણ અસર કરતાં નથી, એ એક મનનો સ્વાભાવિક ધર્મ છે. આથીજ રાજર્ષિ ભર્ત્તૃહરિના મનમાં પિંગળા વિરૂદ્ધનું એક પણ વચન તેના મિત્રો તરફનું અસર કરી શકયુંજ નહિ. રાજર્ષિ ભર્ત્તૃહરિને, વિક્રમાદિત્ય નામે એક નાનોભાઇ હતો. તે વિદ્વાન્, નીતિવાન્, શૂરવીર, રાજ્યકારોબાર

ચલાવવામાં કુશળ, ધર્માત્મા વિચક્ષણ અને પ્રજા ઉપર પૂર્ણ પ્રેમ રાખનાર હતો. રાજ્યમાં એ ઉત્તમ અને સર્વ માન્ય ગણાતો હતો. પોતાના વડિલ ભ્રાતાને સમયાનુસાર રાજ્યકાજમાં ઘણીજ ઉત્તમ સલાહ અને સહાયતા આપતો હતો તેના પ્રત્યે **ભર્તૃહરિ**નો અકથનીય પ્રેમ હતો. **ભર્તૃહરિ**ને તેની શુદ્ધ નીતિને માટે પૂર્ણ પ્રતીતિ હતી, તેથી તેને રણવાસ વિગરેમાં જવાને પ્રતિબંધ ન હતો. પોતાના વડિલ ભ્રાતાને તે પિતા તુલ્ય માનતો હતો. અને તેમની સ્ત્રીઓને તે માતા સમાન જાણી તેમનાં વચનનું કદિપણ ઉલ્લંઘન કરતો નહિ. **વિક્રમાદિત્ય**ના ઉત્તમ ગુણોથી મહારાજા **ભર્તૃહરિ**એ રાજકાજનો ઘણો બોજો તેના ઉપર નાખ્યો હતો. રાજનાં ઘણાં ખરાં ખાતાંઓ ઉપર વિક્રમાદિત્યની દેખરેખ હતી. અશ્વશાળાનો પણ એજ ઉપરી હતો. તેણે પોતાનાં ચાતુર્યથી, અને હોશિઆરિથી લુચ્ચા, લફંગા, ચોર અને વ્યભિચારી—આદિ દુરાચારીઓનો બારિકાથી શોધ કરી તેઓને શિક્ષા કરી હતી ટુંકામાં લુચ્ચા, લફંગા, આદિનો તો તે કાળજ હતો. તેથી તે દુષ્ટ લોકોને સદૈવ તેનો ભય રહ્યા કરતો

હતો. મહારાણી **પિંગળા** જે રાવત–**અશ્વપાળ** સાથે પ્રેમપાસમાં સપડાયલી હતી. તે રાવતપણ અશ્વ-શાળામાં નોકર હતો. તેની વર્તણુંકના સંબંધમાં વીર **વિક્રમાદિત્યને** શક ગયો હતો અને તે નોકરી ઉપર મોડો વેહેલો આવતો તેથી તેને ધમકાવ્યો પણ હતો. **વિક્રમને** તેની ચાલના સંબંધમાં હૃદયમાં શંકાને જ-ન્મ થતાં તે તેને માટે તલસ્પર્શ શોધમાં ગુંથાયોજ હતો. રાવત પણ અહર્નિશ તેનાથી ડરતો રહેતો હતો તે પૂર્ણ રીતે સમજતો હતો કે–કોઇ દિવસ મારો નાશ **વિક્રમાદિત્યથી** થશે. આ પ્રમાણે રાવતને તેના ડરથી રાત્રે સુખે નિદ્રા પણ આવતી નહિ. સ્વપ્ન પણ તેનાંજ આવતાં હતા. અને ચેન પડતું નહિ. **વીરવિક્રમાદિત્યના** ઉત્તમ ગુણો નિરખી રાજર્ષિ **ભર્તૃહરિએ** પ્રેમથી તેને પોતાની પાસે બોલાવીને એક સમય કહ્યું હતું કે–હે લઘુભ્રાતા ! તારી અડગ ધર્મ વૃત્તિ નિરખી હું અત્યાનંદ પામુંછું. હવે તારે રાજનું કામકાજ ઉપાડી લઇ મારા ઉપરથી એ બોજો ઓછો કરવો. રાજ્યનીતિ પ્રમાણે પ્રજાનું પાલન કરવું, પ્ર-જાને સુખ શી રીતે થાય, તેનો અહર્નિશ વિચાર ક-

રવો; કારણકે રાજાવડે પ્રજા અને પ્રજાવડે રાજા છે. **ભર્તૃહરી**એ, રાજાઓને પૃથિવીના પાલનનો પ્રકાર જણાવેલો છે કેઃ—

राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेतां
तेनाद्यवत्समिव लोकममुं पुषाण ।
तस्मिंश्च सम्यगनिशं परिपोष्यमाणे
नाना फलैः फलति कल्पलतेव भूमिः ॥

હે રાજન્! જો પૃથિવીરૂપી ગાયને દોવાને ઇચ્છા હોય તો વાછડાની પેઠે લોકનું પોષણ કરો. હમેશાં ઉત્તમ પ્રકારે લોકનું પોષણ થવાથી પૃથિવી કલ્પલતાની પેઠે નાના પ્રકારનાં ફળ આપે છે.

રાજનીતિ એક પ્રકારની નથી પણ અનેક પ્રકારની છે. એ વેશ્યાના દૃષ્ટાન્તથી વર્ણન કરે છે.

सत्याऽनृता च परुषा प्रियवादिनी च
हिंस्रा दयालुरपि चार्थपरा वदान्या ।
नित्यव्यया प्रचुरनित्यधनागमा च
वेश्या नेव नृपनीतिरनेकरूपा ॥

જેમ વેશ્યા કોઇ વખતે સત્ય બોલનારી, કોઇ વખતે અસત્ય બોલનારી, કોઈ વખતે કઠોર બોલનારી, કોઈ વખતે પ્રિય કરનારી, કોઇ વખતે હિંસા કરનારી, કોઇ વખતે દયાવાળી, કોઇ વખતે ધન લેનારી, કોઇ વખતે ધન આપનારી, કોઈ વખતે અતિવ્યય કરનારી, અને કોઈ વખતે પુષ્કળ ધન મેળવનારી એ રીતે અનેક પ્રકારની હોય છે, તેમ રાજનીતિ પણ અનેક પ્રકારની હોય છે.

આજ્ઞા—આદિ છ ગુણ રાજપુરૂષમાં હોવા જોઇએ, તે જો હોય નહિ તો, રાજાનો આશ્રય વ્યર્થ છે.

आज्ञा कीर्तिः पालनं ब्राह्मणानां
दानं भोगो मित्रसंरक्षणं च ।
येषामेते षड्गुणा न प्रवृत्ताः
कोऽर्थस्तेषां पार्थिवोपाश्रयेण ॥

દુર્જનને શિક્ષા કરવી, સર્વ દિશાઓમાં કીર્ત્તિ, બ્રાહ્મણોનું સંરક્ષણ સત્પાત્રને દાન, માળા વિગેરેનો ઉપભોગ, અને મિત્રનું સંરક્ષણ, એ છ ગુણ જે પુરૂષમાં નથી, તેઓને રાજાના આશ્રયનું શું ફળ? અર્થાત્ કાંઇ પણ નહિ.

આ પ્રમાણે પોતાના કનિષ્ઠ ભ્રાતા વિક્રમને, ભર્તૃહરિએ કેટલોક રાજનીતિનો ઉપદેશ આપી વિક્રમને રાજનો ઘણોખરો અધિકાર સ્વાધિન કર્યો. વિક્રમ પોતાના વડીલભ્રાતાની આજ્ઞાનુસાર નીતિથી રાજ્યકારોબાર ચલાવવા લાગ્યો. અશ્વપાલ પોતાની દુષ્ટ, વર્તણુકથી સદૈવ ડરતો હતો. તેણે એક સમય પિંગલાને વિક્રમના ઉપર જૂઠો આરોપ મુકીને રાજ્યથી દૂર કરવાને સમજાવી કહ્યું કે—જ્યાંસુધી વિક્રમનુ કાશળ નિકળશે નહિ, ત્યાંસુધી મને સુખે નિદ્રા આવનાર નથી. મારાથી તારી પાસે અવાશે જવાશે નહિ. અને કોઇ દિવસ મારૂં મરણ થશે. આપણો પાપનો ઘડો એ દ્વારા ફૂટી જશે, અને સર્વ વાર્તા-પ્રકાશમાં આવી જશે. વિક્રમ મહાચતુર અને મારા જેવાઓનો તો કાળ છે, માટે તેને ગમે તે પ્રકારે રાજાને સમજાવી કઢાવી મુકવો જોઇએ. આ પ્રમાણે અશ્વપાળનું બોલવું થતાં દુષ્ટ પિંગળા નિર્મળ મનના ઉદાર મહારાજા ભર્તૃહરિની પ્રીતિનો લાભ લઇ, પોતાને વિક્રમ કે જે પુત્ર સમાન હતો, અને જે તેના પ્રત્યે માતાના ભાવથી અનુસ-

રતો હતો, તેના ઉપર જૂઠો આરોપ મૂકીને કઢાવવા તૈયાર થઈ. મહારાજા **ભર્તૃહરિ**નું રંગમોહાલમાં પધારવું થતાં, મહા સ્ત્રીચરિત્રમાં નિપુણ **પિંગળાએ** કહ્યું કે–હે મમજીવન સૂત્ર પ્રાણનાથ! શોકનું કારણ એક ઉત્પન્ન થયું છે. જીહ્વાથી કહી શકતી નથી; કારણકે તે બાબતનો ઊંડો વિચાર કરી જોતાં પરિણામ વિપરીત આવે તેમ જણાય છે, અને આપને એથી ખેદ થાય તેમ છે, આટલાં તેનાં કાપટય ભરેલાં વચનો શ્રવણ કરી રાજાએ કહ્યું કે–હે પ્રાણવલ્લભા! એવી કઇ વાર્ત્તા છે કે જે કહેતાં તું સંકોચ પામે છે, મારી પાસે નિઃશંક કેમ બોલતી નથી? આ પ્રમાણે **ભર્તૃહરિએ** ઘણો આગ્રહ કરતાં દુષ્ટ **પિંગળા**, રૂદન કરતી, ડસકાં ભરતી, બોલી કે–હે પ્રાણનાથ! અરે શું કહું? આપને દીલગીરીના દરિઆમાં કયાં ડુબાવું! આ પ્રમાણે સ્ત્રીચરિત્ર કરી બહુજ ડસકાં ભરી તથા ઉષ્ણ નિશ્વાસ નાખીને તે પાપીણી બોલવા લાગી કે–કાલે શિવરાત્રીને દિવસે બાર વાગતાને સુમારે આપ જ્યારે મહાકાલેશ્વર થઇ **શ્રી સદાશિવજી**ના પૂજનમાં આરૂઢ થએલા હતા, ત્યારે એ એકાંતિક લાગ જોઇ

આપના લઘુભ્રાતા **વિક્રમાદિત્ય** કે જે મને પુત્ર સમાન છે, તે અહિ આવ્યા હતા. અને દાસીને એક તરફ ઈશારાથી બોલાવી હાથમાં દશમોહોર આપીને કહ્યું કે-તારી બાઇને કહે કે, **વિક્રમાદિત્ય** તમારાથી એકાંતમાં વાત કરવાનો વિચાર રાખે છે. આવાં તેનાં વચન શ્રવણ કરતાં દાસી તો આશ્ચર્ય પામીને ચકિત થઈ ગઇ અને કહ્યું કે-સદૈવ મા અને પુત્રના સમાન આવી વાતચિત્ત કરો છો, તેમાં વળી એકાંત એ શું ! અને વાત કરવાનો વિચાર રાખો છો એ શું ? કારણ કે દાસીના શુદ્ધાન્તઃકરણમાં એના મલીનાંતઃકરણના કપટી વિચારો એકદમ સમજવામાં ન આવતાં દાસીએ કહ્યું કે-હમેશની માફક સુખેથી આવી વાત કરો, તેમાં વળી એકાંતની શી અગત્ય છે ? ત્યારે વળી બીજી કેટલીક મોહોરો આપીને બહુ સમજાવીને પોતાનો દુષ્ટ વિચાર જાહેર કરયો. આવી **પિંગળા**ની પ્રાપંચિક વાર્તા શ્રવણ કરી રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે-આ શું કહે છે ? આનો ભાવાર્થ સમજાતો નથી ! ! **ભર્તૃહરિ**એ વિચાર કરીને કહ્યું કે-આ આશ્ચર્યજનક વાર્તા છે. મારો

નાનોભાઇ તેવો નથી, તેં પોતે નજરે જોયો ! આવું રાજાનું બોલવું થતાં મહાકપટ પુતળી **પિંગળા** બોલી કે–ત્યારે હું આપ પાસે અસત્ય વાર્તા કરૂં છું એમ આપ કહો છો. આ પ્રમાણે કહી ડસકાં ભરી રૂદન કરવા માંડતાં, તેમાં લુબ્ધ એવા મહારાજા **ભર્તૃહરિએ** કહ્યું કે–પ્રિયા ! તું દિલગીર ન થા. મારા મનમાં આ સંબંધમાં હજારો સંકલ્પવિકલ્પ ઉદ્ભવે છે. આ શી રીતે બન્યું હશે તે માટે નિશ્ચયમાં હું ગુંથાયો છું. એમ કહી જરાવાર વિચારી કહ્યું કે–અવશ્ય **कामांधो नैव पश्यति** અરે ! પણ તે પ્રમાણે એ ધર્મમૂર્તિ **વિક્રમ**ના સંબંધમાં હોયજ નહિ સૂર્યમાં અન્ધકાર જેમ સંભવે નહિ, તેમ **વિક્રમમાં** દુરાચરણનો સંભવ હોયજ નહિ. પ્રિયા ! તારૂં સ્વરૂપ કાંઇ ઓછું નથી, તેથી પુરૂષને મોહ ઉત્પન્ન થાય તેમાં નવાઇ નથી; તોપણ આ બાબતનો તલસ્પર્શી તપાસ કરીશ, તું ચિંતા કરીશ નહિ.

આવાં રાજાનાં વચન શ્રવણ કરી નીચ દુરાચારી **પિંગળા** બોલી કે–પ્રાણનાથ ! મારે મન તો એ પુત્રવત્ છે, માટે એને કાંઇ પણ કહેશો નહિ. આ

પ્રમાણે પ્રપંચથી સર્વ વાર્ત્તા રાજાના હૃદયમાં ઉતારી. આ વાર્ત્તાથી રાજા મહાઆશ્ચર્ય પામ્યો. જો કે તે પોતાના લઘુભ્રાતાની ઉત્તમ પ્રકારની નીતિ વિષે જાણતો હતો, તેનો તેના પર પૂર્ણ વિશ્વાસ હતો; છતાં પિંગળાના મોહપાસમાં લુબ્ધ હોવાથી સારાસાર વિચાર શૂન્ય થઈ જતાં રોષથી પ્રતિહાર દ્વારા વિક્રમને બોલાવ્યો.

પ્રતિહાર વિક્રમને બોલાવવા ગયો, ત્યાર પછી એકાંતમાં **ભર્તૃહરિ** વિચાર કરવા લાગ્યો કે—અહાહા!! મારો નાનોભાઇ **વિક્રમ** નીતિવાન્ અને શાસ્ત્ર સંપન્ન છે, એ આવું દુષ્ટ પગલું ભરે એમ લાગતું નથી. તો પણ.

सन्मार्गे तावदास्ते प्रभवति
पुरुषस्तावदेवेन्द्रियाणां
लज्जां तावद्विधत्ते विनयमपि
समालम्बते तावदेव ।
भ्रूचापाकृष्टमुक्ताः श्रवण पथगता

नीलपक्ष्माण एते
यावल्लीलावतीनां न हृदि
धृतिमुषो दृष्टिबाणाः पतन्ति ॥

[**પુરૂષ** જયાં સુધી સ્ત્રીઓની દૃષ્ટિ રૂપી બાણ-થી વિંધાતો નથી, ત્યાં સુધી સન્માર્ગ વિગેરેનું આચરણ કરે છે]

ભ્રકુટી રૂપી ધનુષ્યથી કાનસુધી ખેંચીને મૂકેલાં, શ્યામ છેડાવાળાં અને ધૈર્યને ચોરનારાં સ્ત્રીઓની દૃષ્ટિ રૂપી બાણ, જ્યાં સુધી હૃદયમાં પેસતાં નથી. ત્યાં સુધી સન્માર્ગમાં રહે છે, ઇન્દ્રિઓને વશમાં રાખે છે. લજ્જા રાખે છે, અને વિનયનો પણ ત્યાંજ સુધી આશ્રય કરે છે,

આમ હોવાથી મહા સ્વરૂપવાન્ **પિંગલામાં, વિક્રમ** મોહ પામે એમાં કાંઇ નવાઇ નથી. હવે તેનો તપાસ કરતાં સર્વ વાર્ત્તા જાણવામાં આવશે.

આ પ્રમાણે રાજા વિચાર કરે છે, એટલામાં તો પોતાના વડીલ ભ્રાતા મહારાજા **ભર્તૃહરિને** જોઇ ફરજ **કથી વિક્રમે,** જ્યેષ્ઠ ભ્રાતા વન્દન કર્યું. એ-

મ કહ્યું, ધર્મ મૂર્તિ **વિક્રમ** કે જેને **પિંગલાના** આ પ્રપંચની જરાપણ ખબર નહતી તે તો નિત્યના નિયમ મુજબ ધીમે ધીમે ચાલ્યો આવે છે, તેને જોઇ રાજાએ મનમાં કહ્યું કે–એનો પગ પણ ઉપડતો નથી. આ પ્રમાણે મનમાં કહીને ઉપરથી કલ્યાણ થાઓ એ પ્રમાણે કહ્યું અને કહ્યુંકે–**વિક્રમ**! એટલામાંતો **વિક્રમે** કહ્યું કે–આજ્ઞા જ્યેષ્ઠભ્રાતા ! આ સમય મેં તને અહિ શામાટે બોલાવ્યો, છે, તે તારા સમજવામાં નહિજ હોય ? રાજાના આ પ્રશ્નથી **વિક્રમે** કહ્યું કે–વડીલબન્ધુ ! શા માટે મને બોલાવ્યો છે તે હું જાણતો નથી. રાજાએ કહ્યું કે–**વિક્રમ** ! તેં નીતિમાર્ગથી એક મહા વિપરિત આચરણ કરેલું છે. એમ કહી કેટલાક કઠોર શબ્દનો પ્રહાર કરતાં, **વિક્રમ** પોતે નિર્દોષ હોવાથી, આ શ્રવણ થતાંની સાથે મૂર્છા ખાઇ પડયો. જરાવાર પછી સાવધ થઇને બોલ્યો કે–વડિલ ભ્રાતા ! આપ વિવેકી થઇને આ શું કહોછો ? **હે માતુ પિંગલાના** પ્રભુ !! મે સ્વપ્ને પણ દુષ્ટ સંકલ્પ કરયો નથી. મેં કદિ પણ નીતિ વિરૂદ્ધ પગલું ભરેલું નથી, છતાં આપ આ શું કહોછો ? આ શ્ર-

વણ કરી હું આશ્ચર્ય પામુંછું! મારી નીતિ રીતિ આપથી અંજાણ નથી. છતાં વહેમ કેમ લાવોછો! આનાં વિક્રમનાં વચન શ્રવણ કરી ક્રોધથી **ભર્તૃહરિએ** કહ્યું કે મારા અન્તઃપુરમાં અયોગ્ય સ્થળે!! આવાં રાજનનાં વચન શ્રવણ કરી, વિક્રમ મહાખેદ પામીને, હરહર શીવ! શીવ!! અન્તઃપુરમાં મારૂં અનીતિ આચરણ આ શું આપ કહોછો? હે વડિલભ્રાતા! સમુદ્રે મર્યાદા હજુ મુકી નથી, મેરૂ ચલાયમાન થયો નથી. અગ્નિની શિખા અધો ગઇ નથી. સૂર્યમાં અન્ધકાર હજુ થયો નથી. સિંહ ખડ ખાવાને કદિ જતો નથી. હંસની ગતિ કાગવત્ થઈ નથી. સંત મહાત્માઓના મનમાંથી દયા ગઇ નથી, પશ્ચિમમાં સૂર્યોદય હજુ થયો નથી. કાષ્ટ હજુ જળમાં ડુબ્યું નથી. હજુ માતાનો વાત્સલ્યપ્રેમન્યૂન થયો નથી, છતાં હું નીતિ વિરૂદ્ધ અનુસર્યો એવો આપનો વિચાર કયાંથી થયો?

આવાં વિક્રમનાં વચન શ્રવણ કરી **ભર્તૃહરીએ** કહ્યું કે-તું હજુ માતુ માતુ કોને કહે છે **અવશ્ય** પાપી થતાં પ્રપંચ વૃદ્ધિ પામે છે, એ વાર્ત્તા સત્ય છે,

આવાં રાજાનાં વચનથી **વિક્રમે** કહ્યું કે–હે પરમ પવિત્ર ગુણ નિધાન જ્યેષ્ટ ભ્રાતા! હું બાલ્યાવસ્થાથી જ્ઞાન શક્તિ યુક્ત થયો, ત્યારથી તે આજ તરૂણાવસ્થા પર્યન્ત આપની સેવા પ્રીતિથી કરતો આવ્યો છું. શ્રુતિ અને સ્મૃતિ અનુસાર લઘુ ભ્રાતાનો જેષ્ટ ભ્રાતા પ્રત્યે જે નીતિ માર્ગ છે, તેથી વિરૂદ્ધ સ્વપ્ને પણ અનુસરગો નથી. છતાં આજે આ આપ વાર્ત્તા કહોછો તે તો કીડી ઉપર પર્વત અને કેળયના ઉપર વીજળી આવી પડે તેમ આ આપનાં કઠોર વચન મારા ઉપર ઇન્દ્રના વજ્રના સમાન કાર્ય કરે છે. હે રાજનીતિ નિપુણ, ન્યાયી વડિલભ્રાતા! જરા તત્ત્વસ્પર્શ વિચાર કરીને આ નિર્દોષ લઘુ ભ્રાતા ઉપર વચન પ્રહાર કરશો.

ભર્ત્તૃહરિએ કહ્યું કે–પ્રપંચી લોકો વાતો કરવામાં મહાકુશળ હોય છે, તારી બોલવાની છટાજ કહી આપે છે કે–તેં એ દુષ્ટ પગલું ભરેલું છે. બસ! તારી ચતુરાઈ જવાદે અને કહે કે–તું કાલે રાણી વાસમાં ગયો હતો કે નહિ? **વિક્રમ**–' વડિલભ્રાતા! હું કાલે ગયોજ નથી; કારણકે આપનું મળવું સવારે રાજ-

મેહેલમાં થયું હતું જેથી ત્યાં આવી મોઢે થવાનું કાંઇ પણ સબળ કારણ ન હતું અને કાલે તો શિવરાત્રી હોવાથી હું ઘેર શિવ પૂજનમાં રોકાયો હતો,' **ભર્તૃહરિ** એ કહ્યું કે-' તું શિવરાત્રિ જેવે દિવસે મહાકાળેશ્વર શિવાભિષેકમાં કેમ ન આવ્યો?' **વિક્રમ**-'' હું સદા એકાન્તમાં શિવનું પૂજન કરૂંછું એ ક્યાં આપથી અજાણમાં છે! વિક્રમના આ શબ્દોથી વિશેષ હૃદયમાં શંકા થતાં **ભર્તૃહરિએ** કહ્યું કે-હું તારી એકાન્ત ને બધા મંત્ર પ્રયોગ જાણુંછું તારૂં પોગળ સર્વ પ્રકાશમાં આવ્યું છે, તું અન્તઃપુરમાં જવામાં કાંઈ પણ અડચણ સમજે છે?' **વિક્રમ**' માતા પાસે જવામાં જો પુત્રને વ્યત્યય હોય તોજ મને પણ અડચણ હોય! **ભર્તૃહરિ**-' અરે વિક્રમ! આવા તારા સર્વ પ્રપંચ જવા દે. તારી ચાતુરાઇ સર્વ જાણી, અને જે ખરૂં છે તે સર્વે કહી દે. તેં નકી ભૂલ કરી છે! **વિક્રમ**-પરમ પૂજ્ય વિવેક શિરોમણિ વડિલ ભ્રાતા! જ્યાં સુધી મારા નામમાં આદિત્ય એ શબ્દ છે, ત્યાં સુધી મોહ, માયારૂપી અન્ધકાર મારા હૃદયમાં પ્રવેશ કરી શકે તેમ નથી.

એ નિસ્સન્દેહ છે! **ભર્તૃહરિ**–દુષ્ટ **વિક્રમ**! તારા નામમાં આદિત્ય શબ્દ છે. તે જ્યોતિષ્ વેત્તાઓની મહાભૂલ થઇ છે, હું તો તારા સર્વ અંગો અન્ધકારથી વ્યાપ્ત સમજું છું. તારૂં સર્વ જ્ઞાન નષ્ટ થઈ ગયું છે, તું કામાંધ થઇ ગયો છે!

આવાં ભર્તૃહરિનાં વચન શ્રવણ કરી **વિક્રમે** કહ્યું કે–હે વડિલભ્રાતા! સાહસ ન કરો. સાહસ ન કરો! **વિક્રમ**નાં વચન પ્રત્યે લક્ષ ન રાખતાં **ભર્તૃહરિ**એ કહેવા માંડ્યું કે–અરે! જ્યારે માતાજીનો અવસાન કાળ આવ્યો ત્યારે મને કહ્યું કે–હે **ભર્તૃહરિ**! આ તારો નાનોભાઇ હું તને સોંપુછું, તારા પિતાનો સ્વર્ગવાસ થયો છે, માટે તું એની પૂર્ણ સંભાળ રાખજે. માતાના આવાં વચનોને માન્ય રાખી જો કે રાજ્ય પ્રકરણમાં ભાઇનો સ્નેહ જુદાજ પ્રકારનો હોય છે, છતાં પણ મેં તારા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી રાજ્યનું સર્વ કામ તને સોપ્યું. રાણીવાસ વિગેરેમાં પણ જવાનો તને પ્રતિબંધ કરયો ન હતો, આવી મારી કૃપાનો ગેર ઉપયોગ કરી તેં મારી પ્યારી જે **પિંગળા** તેના ઉપર કુદૃષ્ટિ કરી, અને એકાન્તમાં મળવાને ઈરાદે તું

ગયો હતો. **વિક્રમ**–રાજાનાં આવાં વચન શ્રવણ કરી આ શું કહો છો? આ શો ગજબ!! **માતુપિંગલાના** ઉપર મારી કુદષ્ટિ !!! ‘ હર હર હર !!! **વિક્રમનાં** વચન પ્રત્યે દુર્લક્ષ દાખવી **ભર્તૃહરિ** તો બોલ્યોજ જાય છે કે–હે દુષ્ટ ! એ પવિત્ર પત્નિએ મહા પ્રયાસથી પોતાના પાતિવ્રતનું, દ્વાર બંધ કરી સંરક્ષણ કરયું અરે ! તને ધિક્કાર છે. શતકોટિ ધિક્કાર છે તારૂં જીવન વૃથા છે. તું શું મુખ બતાવે છે. આ સમય જો તારે સ્થળે બીજો કોઈ હતે તો અવશ્ય હું તેને દેહાંત દંડની શિક્ષા કરત, પણ તું મારો નાનોભાઇ છે જેથી વિશેષ ન કહેતાં તને દેશનિકાલ કરૂં છું. હું તારૂં મુખ જોવા માગતો નથી.

ભર્તૃહરિનાં આવાં વજ્રપાત સદૃશ કઠોર વચન શ્રવણ કરી **વિક્રમે** કહ્યું કે–હે વડિલ ભ્રાતા ! આપ જરા વિચાર કરીને મારા ઉપર ક્રોધ કરો. વગર અપરાધે આવાં વચન ન કહો. આપ મારા શિરછત્ર છો, હું નીતિ ધર્મનો લોપ કરૂં તેવો નથી. આપ વડિલભ્રાતાની પત્નિ મારી માતા સમાન છે. આપ કઠોર વચન પ્રહાર ન કરો. ભાઇ આ સર્વ બાબત જયારે

આગળ ઉપર અજવાળામાં આવશે, ત્યારે આપને અપરિમિત પશ્ચાતાપ થશે. પાંડવોમાં જેમ યુધિષ્ઠિર, લક્ષ્મણ અને ભરતજીને જેમ શ્રી રામચન્દ્રજી, તેમ આપ મારે છો. મારી સુવર્ણ રૂપી આપ પ્રત્યે ભક્તિ છે તેને કથીર સદૃશ ન જાણો. આપની અનન્ય પ્રકારે સેવા કરવી એજ હું મુક્તિનું દ્વાર સમજું છું હે વડિલભ્રાતા ! લક્ષ્મણની અને ભરતજીની ભક્તિ જેમ શ્રી રામચન્દ્રજી પ્રત્યે હતી, ભીમ અને અર્જુનની મહારાજા યુધિષ્ઠિર પ્રત્યે હતી. પાંડવોની શ્રી કૃષ્ણચન્દ્ર પ્રત્યે હતી, તેવીજ શુદ્ધ-નિર્મળ ભક્તિ આપપ્રતિ મારી છે, છતાં આપ આવાં વચન કથો છો. એ યોગ્ય નથી; કારણ કે હું આ વાર્ત્તાથી છેક અજાણ્યું. રાણીવાસમાં ગઇ કાલે તો શું પણ ત્રણ દિવસ થયા હું ગયો નથી. પિંગળા કે તેની દાસીને મે નજરે જોઇ પણ નથી. આ વાતમાં મને ભેદ લાગે છે અને આપના હૃદયમાં મારા માટે આવો હલકો વિચાર ઉપજાવેલો જોઇ, દૈવની વિચિત્ર ઇચ્છા દૃષ્ટિએ આવે છે. મહા વિપત્તિનું વાદળ આ માલવ દેશ ઉપર આવી તુટી પડવાનું હોય એમ જણાય છે. અ-

ગર આખું રાજ્ય પાયમાલ થવાનું છે! આવોજ દૈવનો વિચાર હશે, નહિ તો આવો કુતર્ક આપના પવિત્ર અન્તઃકરણમાં સ્વપ્ને પણ વાસ કરે નહિ.

આંવાં વિક્રમનાં વચન શ્રવણ કરી, આવેશથી **ભર્તૃહરિ**એ કહ્યું કે–અરે **વિક્રમ**! તું તારૂં ચાતુર્ય જવાદે. તારૂં બોલવું મને રૂચતું નથી. તારામાં લેષ માત્ર પણ સત્ય નથી. તું બધું કપટથીજ બોલે છે. આવાં **ભર્તૃહરિ**નાં વચનથી **વિક્રમે** કહ્યું કે–હે વડિલ બન્ધુ! જરા વિચાર કરો. સાહસ ન કરો. સાહસ કરવાથી અપરિમિત પશ્ચાત્તાપ થશે. આનું પરિણામ સારૂં આવનાર નથી. વાતની ઉત્પત્તિ કેવા પ્રકારે થઈ છે તે તો જરા વિચારો. ભૂમિ કેવી છે, અને તેમાંથી કેવાં ફળની ઇચ્છા રાખો છો, વિષ જો અમૃતરૂપ દેખાય છતાં પણ તે મોતનુંજ કારણ છે. કહ્યું છે કેઃ—

अनिष्टादिष्ट लाभेऽपि, नगतिर्जायते शुभा।
यत्रास्तेविषसंसर्गो, ऽमृतंतदपिमृत्यवे॥

અનિષ્ટમાંથી (કદાચ) સારૂં ફળ મળે, **તોપણ** પરિણામે તે સારૂં નથી; કારણ કે જેમાં ઝેર મળેલું છે, એવું અમૃત પણ મરણનું કારણ થાય છે.

આવાં વિક્રમનાં વાસ્તવિક્ વચન શ્રવણ કરી, વિચાર શૂન્ય **ભર્તૃહરિએ** કહ્યું કે-**વિક્રમ**! તું તારૂં બોલવું બંધ કર. વિશેષ બકવાદ ન કર, કેમકે તારા પ્રાપંચિક્ ભાષણથી મારા કાન અપવિત્ર થાય છે, અને જ્યાં સુધી તારૂં મલીનઃ સ્વરૂપ મારા રાજમાં છે ત્યાં સુધી મારી પ્રજાને પણ કલેશ છે. તું બનતી તાકીદે ચાલ્યો જા, નહિ તો તારો વધ થશે. **ભર્તૃહરિનાં** આ વચનથી 'આવેશથી **વિક્રમે** કહ્યું કે-હે **ભર્તૃહરિ**! હું અવશ્ય ગામનો ત્યાગ કરૂંછું, નિશ્ચય આ સ્થળે વાસ કરીશ નહિ, એકઘડી પણ જો હવે અહિ વિશ્રામ કરૂં તો મારી જનેતા લાજે. હે ભાઇ! જેના અન્તઃકરણમાં દુષ્ટ સંકલ્પ આજ સુધી પ્રવેશજ કરવા પામ્યો નથી, અને જેણે તમને પિતા સમાન અને તમારી સ્ત્રીને મા સદૃશ જાણીને, પુત્ર સદૃશ એકનિષ્ટાથી આચરણ કરયું છે, અને જે પોતાને સૂર્ય સમાન શુદ્ધ સમજે છે, તથા આજ પર્યન્ત જેનું અખન્ડ બ્રહ્મચર્ય છે, એવા નાનાભાઇ ઉપર હે પાપી **પિંગળામાં લુબ્ધ ભર્તૃહરિ**! તું એક નીચ, પ્રપંચની પુતળી, શાસ્ત્રે ધિક્કારેલી, કલેશનું મૂળ, કપટ સ્વરૂપ

નર્કમાં નાખનારી સ્ત્રીના વચન ઉપર વિશ્વાસ રાખી મને નિર્લજ ઠરાવી જૂઠો આરોપ મુકે છે અને તારાજ મુખથી મને દેશનિકાલનું કથે છે, તો હું તુરત આ માલવ દેશનો ત્યાગ કરી અરણ્યમાં ચાલ્યો જાઊં છું અને તારા જીવન પર્યન્ત આ ભૂમિનું પુનઃ દર્શન કરનાર નથી. એ તું ખાત્રીથી સમજજે. હે સ્ત્રી વશ્ય **ભર્તૃહરિ**! તારી ચતુરાઇ તું તારી પાસે રાખી મૌન રહે હવે હું માલવાનું અન્ન ખાનાર નથી તુરત વનમાં જાઊંછું. હે મતિમંદ તને ધિઃક્કારછે હે સ્ત્રી લંપટ તને ધિક્કાર છે. નારીના ફંદને ન સમજનાર તને ફટ છે, પાપી **પિંગળા**ના પંઝામાં ફસાયલા તને ફટ છે. જ્યારે તને વાગે ત્યારે ઘા સંભારજે. હું તો ક્ષત્રીની હામ ધરી ચાલ્યો જાઊંછું તારી ઉજ્જેનીમાં રહેવું હરામ છે. હે સ્ત્રીથી પરાજય પામેલ ભાઇ! શ્રવણ કરય. હું તો વનમાં જાઊંછું. જો હવે માલવાનું અંન ખાઊં તો મને ધિક્કાર છે. હે ભાઇ! તારી બુદ્ધિ સ્ત્રીના સહવાસથી ભ્રષ્ટ થઇ ગઇ છે. તું દુષ્ટ **પિંગળા**ના સંગથી કામવશ થઇ ગયો છે. તેં ભાઇની જોડી ભલે તોડી હવે પુનઃ સાંધો લાગનાર નથી. પણ હે ભાઇ!

એટલું તો યાદ રાખજે કે, અંતે તને ઘણોજ પસ્તાવો થશે અને ઉષ્ણ અશ્રુ નિંગાળવાં પડશે. હે ભાઇ! કદાચ તને સત્ય.શું છે અને અસત્ય શું છે તે જાણવાનો જો દૈવ યોગથી પ્રસંગ આવશે ત્યારે તને ચૌદલોકમાં કોઇને પશ્ચાતાપ થયો નથી એટલો મોટો પશ્ચાતાપ તને થતાં તારે શોક સમુદ્રમાં ડુબી જવું પડશે. (પૃથિવી માતાને નમસ્કારી) હે માલવભૂમિ! હે જન્મભૂમિ!! તંને છેલ્લા પ્રણામ છે. તને છેલા રામ રામ છે. જય ભરત ભૂમિની રસ પૂર્ણ પુત્રી! આ કામાંધ ભ્રાતનું મારા નિર્દોષ ઉપર અસત્ય ભાષણ શ્રવણ કરી રોપ કરીશ નહિ. હે વીરમાતા! આ કૃતઘ્ની વિચાર શૂન્યભાઇનું કલ્યાણ કરજે. તેનાં હૃદય ચક્ષુ ઉઘાડજે તથા આ સ્ત્રીના પાસમાં બંધાયલા **ભર્તૃહરિ**ને પાપી **પિંગળા**ના પંઝામાંથી મુક્ત કરજે. હે અવન્તિકા-ઉજ્જયની તારી પ્રજા શાન્ત થાઓ. શાન્ત થાઓ (એમ કહી ચાલ્યો જાય છે.)

આવાં વિક્રમનાં વચન સાંભળી **વિક્રમ**ના ગયા પછી **ભર્તૃહરિ** એકલો એકલો વિચાર કરવા લાગ્યો કે-કામાંધ અને વિવેક શૂન્યને પાછળથી સમજણ આવે

છે; પરંતુ એ બધું નકામું છે. મારી પ્રેમ મૂર્તિ **પિંગળા** કદિપણ અસત્ય બોલેજ નહિ. હવે વખત ઘણો ગયો છે. માટે મહાંકાલેશ્વર જાઉં (એમ કહી જાય છે.)

વિક્રમને દેશનિકાલ થયાના સમાચાર શ્રવણ કરી મંત્રી, સેનાપતિ અને પ્રજામાં કોલાહલ થઇ રહ્યો. સૌ શોકસાગરમાં ડુબી ગયાં. મંત્રી, સેનાપતિ અને શેઠ, સાહુકારોએ રાજાને ઘણું સમજાવ્યો, પણ તેણે કોઇની વાત માની નહિ, તેથી સર્વ નાખુશ થયા. **વિક્રમ**ના દેશનિકાલ થયા પછી રાજ્યમાં ધીરે ધીરે લાંચ રૂશવતનું જોર વધવા માંડ્યું. જુલમ થવા લાગ્યો. લૂચ્ચાઓ પ્રપંચ કરવા લાગ્યા. રાજ્યમાં અવ્યવસ્થા થઇ ગઇ. રાજા તો અહર્નિશ પાપી **પિંગળા**ના જુઠા પ્યારમાં ફસાઇ મદારીના માંકડા સમાન થઇ ગયો હતો. તેને રાજ્યની આ પ્રમાણે અવ્યવસ્થા જોઈ મુખ્ય મંત્રીએ જઇને કહ્યું કે–'હે મહારાજ! આપની ગેરહાજરીથી રાજ્યને નુકશાન છે પરિણામ સારૂં આવવા સંભવ નથી. સમયનો ત્રીજો ભાગ પણ જો શાસ્ત્રાનુસાર રાજકાજમાં ગુજારાયતો ઘણું સારૂં. પછી તો આપ નામદારની ઇચ્છા હે રાજેન્દ્રમુકુટમણિ!

અવ્યવસ્થામાં હવે તો ,જરાપણ ન્યુનતા રહી નથી. હમેશાં નવીન નવીન તકરારોનો જન્મ થતો જાય છે. માટે આપ જરા વિચાર કરો ! આ પ્રમાણે મંત્રી તથા રાજાને વાર્તા ચાલી રહી હતી, એટલામાં કલાવતી નામની રાજની વારાંગનાએ એક **અમરફળ** મહારાજા ભર્તૃહરિને ભેટ કર્યું. **અમરફળ** જોતાંની સાથેજ રાજા મહાઆશ્ચર્ય પામ્યો; કેમકે જે ફળ બ્રાહ્મણ દ્વારા પોતાની પાસે આવેલું હતું, અને તે ફળ પોતાની પ્રીતિનું પાત્ર પોતાની પ્યારી પિંગલા તેને આપેલું હતું તેજ ફળ આ હોવાથી રાજા વિચાર સાગરમાં ડૂબી ગયો.

આ **અમરફળ** શાન્તિરામ નામના દરિદ્રી બ્રાહ્મણને કોઇ ઋષિએ પ્રસન્ન થઇને આપેલ હતું, પણ તે ફળ પામી બ્રાહ્મણે વિચાર કર્યો કે–જો હું આ ફળ ખાઇશ તો મારે તો અમર થઇ ભિક્ષાજ માગવી પડશે. માટે આ ફળ હું ન ખાતાં, મહારાજા ભર્તૃહરિ કે જે પ્રજાપ્રિય રાજા છે, નીતિથી પ્રજાનું પાલન કરે છે, તેને આપું કે જેથી તે ફળ ખાઇ અમર થઇ સદા નીતિથી પ્રજાનું પાલન કરે. આવા વિચારથી

વિપ્રે ભર્તૃહરિને તે અમરફળ ભેટ આપ્યું હતું. રાજાએ તે ભેટના બદલમાં વિપ્રને પુષ્કળ દ્રવ્ય આપી તેનું દારિદ્ર દૂર કરેલું હતું, ભર્તૃહરિએ તે અલૌકિક ફળ, પોતાની પ્યારિ પિંગલાને અમર થઇ તરૂણ રહે અને પોતાને સદા વિલાસ સુખ આપ્યા કરે, એવા વિચારથી પિંગલાને આપ્યું હતું. દુષ્ટ પિંગલાને ભર્તૃહરિ જેવા મહા વિચક્ષણ અને વિદ્વાન્ પતિ છતાં, એક નીચ નિરક્ષર અશ્વપાળ સાથે પ્રીતિ હતી તેથી તે પોતોને નિરંતર રતી સુખ આપ્યા કરે, એવા વિચારથી પિંગલાએ તે ફળ અશ્વપાલને આપેલું હતું. એ અશ્વપાલને વળી પિંગળા સમાન મહારાણી સાથે પ્રીતિ છતાં વળી એક દરબારી વારાંગના કે જેનું કલાવતી નામ હતું તે સાથે પ્રીતિ હતી, તે કલાવતી પોતાને હમેશાં આનંદ આપે એવા વિચારથી તે ફળ અશ્વપાળે વળી કલાવતીને આપ્યું હતું. તે ફળ ખાતાં પેહેલાં કલાવતીએ વિચાર કરયો કે—આ ફળ નીચ અશ્વપાળે મને આપ્યું ખરૂં, પણ જો હું આ ફળ ખાઇશ તો અમર થઇને આ નીચ વેસ્યાનો વ્યભિચારનો જે ધંધો છે તે મારા

કપાળમાં ચોટયો રહેશે. અને મારાં પાપનો અંત આવશે. નહિ. માટે આ ફળને યોગ્ય તો રાજા છે, આપ્રમાણે વિચાર કરીને કલાવતીએ ભર્તૃહરિને ભેટ કર્યું. આ પ્રમાણે એ અમરફળ રાજાનેજ યોગ્ય હતું, અને રાજાનેજ યોગ્ય જાંણી શાન્તિરામ બ્રાહ્મણે રાજાને ભેટ કરેલું હતું, તે ફળ આ પ્રમાણે ફરી ફરીને પુનઃતેજ રાજાના હાથમાં આવ્યું. અને તે રાજાના હાથમાં આવતાં તે કપટી પાપીઓનો પાપનો ઘડો ફોડવાનું સાધન ભૂત થઇ પડયું, અમર ફળ જોતાંજ રાજા આવેશમાં આવી જતાં કલાવતીને ધમકી આપીને પુછયું કે-તું આ ફળ કયાંથી લાવી? કલાવતીએ ઘણાં બાહાનાં કાઢયાં પણ મહા વિચક્ષણ ભર્તૃહરિએ તેનાં બાહાનાં પ્રત્યે લક્ષ ન રાખતાં ક્રોધાવેશથી પુછતાં કલાવતીએ સ્પષ્ટ વાત કહી કે-નામદાર! આ ફળ મને અશ્વપાળે આપેલું છે, કળાવતીના કહેવાથી અશ્વપાળને પકડી મંગાવી પુછતાં અશ્વપાળ ઇનકાર જતાં રાજાએ ક્રોધથી પૂછતાં અશ્વપાળે ભયથી વાસ્તવિક્ વાર્ત્તા કહી દીધી કે-હે મહારાજા! આપની માહારાણી પિંગલાએ મને દો-

રતી માટે આપ્યું હતું, આવાત શ્રવણ કરી રાજાએ અશ્વપાલના ઘરની ઝડતી લેવાનો હુકમ કરતાં પિંગળાએ આપેલું કેટલુંક મળી આવ્યું, અને વિક્રમ કે જે આદિત્ય વત શુદ્ધ હતો, તેને પાપી પિંગળાએ અશ્વપાળના કહેવાથીજ રાજાને જુઠું સમજાવી દેશનિકાલ કરાવ્યો, એ સર્વ વાર્ત્તા અજવાળામાં આવતાં રાજાને રોમ રોમ ક્રોધાગ્નિ પ્રકટયો. અને તુરત રણવાસમાં પિંગલા પાસે ગયો, આટલી તપાસ થયા છતાં રાજાએ પિંગલાને આ વાર્તાની ખબર પડવા દીધી નહતી; કારણ કે રાજાને યુક્તિ વડે તેના સત્યની પરિક્ષા કરવી હતી. તેથી હમેશના રિવાજ મુજબ ઉપરથી આડંબર રાખીને રાજા રણવાસમાં ગયો, એટલે પિંગળા પણ પતિવ્રતાનો જુઠો ડોળ દર્શાવી કૃત્રિમ પ્રેમ દર્શાવવા લાગી. હે પ્રાણનાથ! આપ વગર હું એકક્ષણ પણ રહી શકતી નથી. આપ આજે મોડા કેમ પધારયા! આ પ્રમાણે કેટલુંક સ્ત્રી ચરિત્ર કરવા લાગી, પણ હવે તો ભર્તૃહરિ પૂર્ણ રીતે સામજી ગયેલો હતો, તેથી બીજી કાંઈ પણ વાત ન કરતાં વાત ઉપરથી વાત કરતા ક-

રતાં પ્રસંગ આવતાં, રાજાએ અમરફળની વાત કાઢી. ત્યારે પિંગલાએ કહ્યું કે એતો હું આપના ગયા પછી કાલેજ પ્રભાતે પૂજન કરીને ખાઈ ગઈ છું અને એ વાત રાજાના મનમાં ઠસાવવા ઉપરાઉપરી ઘણા સોગનખાઇ અંતે રાજાને ગળે હાથ મૂક્યો. એટલે રાજાએ તેને અમરફળ દેખાડયું, એટલે તો તે આડીઅવળી વાતો કરવા લાગી. પણ રાજાના ઉપરાઉપર પ્રશ્ન થતાં તે પાપિણી બંધાવા લાગતાં, અંતે તેની દાસીને ધમકી આપી પુછતાં દાસીએ સર્વ સત્યવાર્તા પિંગલાના રૂબરૂ કહી દીધી. અને પિંગળા પણ સર્વ પોકાળ પ્રકાશમાં આવતાં અંતે ભાની ગઈ, અને નિસ્તેજ થઇ અન્ય દાસીનો દોષ કાઢી નાનાપ્રકારના બચાવ કરવા લાગી. આ પ્રમાણે પિંગલાની હકીકતથી છંછેડેલ કાળાનાગના સમાન ક્રોધમાં આવી રાજાએ પિંગળાને આ પ્રકારે કઠોર વચન પ્રહાર કર્યો.

હે જારકર્મ કરનારી વ્યભિચારિણી ! તુંને ધિક્કાર છે. હે પાતકી ! શિયળના રસ્તાને ભંગ કરનારી ! તુંને ધિક્કાર છે. ! મેં તારા ખોટા પ્યારમાં

ફસાઇ મારૂં રાજ પાયમાલ કરી નાખ્યું. મારૂં તન, મન અને ધન તને સમર્પણ કરયું,! તારે સુખે સુખી અને તારે દુઃખે દુઃખી! એવી પરાધન અવસ્થા તારામાં લુબ્ધ થવાથી મારી થઈ હતી, તારા આનંદને માટે મારો સર્વ સમય તારાજ ભુવનમાં વ્યતીત કરતો હતો. અને તેજ કારણથી આ અમરફળ તનેજ આપેલું હતું; છતાં પણ તું મારાથી બેદિલ રહી છળ કપટથી વર્ત્તી તેથી અરે! તુને, તારી જાતને અને તારા કુળને હજારવાર ધિક્કાર છે, કે મારા કરતાં તને એક નિચ જાતિનો રાવત પસંદ આવ્યો!!! હે દુષ્ટા!! એમાં દાસીનો દોષ નથી; પરન્તુ તારોજ દોષ છે, કારણ કે સાચું વજ્રમય અન્તઃકરણ કદિ પણ કોઇ ડગાવી શકતું નથી. તું જાતેજ ખરાબ તો પછી અન્યને દોષ શી રીતે દઇ શકાય! તારૂં પોતાનુંજ અન્તઃકરણ મલીન, કાચું અને વિષયાસક્ત હોવાથીજ તું મારાથી પ્રપંચે વર્ત્તી! માટે હે દુષ્ટા! એમાં તારો પોતાનોજ દોષ છે. અરે, હું સ્ત્રી પરિક્ષકજ કાચો. જા તારૂં કાળું મુખ હું જોવા માગતો નથી તેં રજપુતાણીની જાતને એબ લ-

ગાડી છે. બસ હવે હું ચાલ્યો જાઉછું. અહાહા! મહા આશ્ચર્યની વાર્તા છે; કારણ કે:-

यां चिन्तयामि सततं मयिसा विरक्ता
साप्यन्यमिच्छति जनं सजनोऽन्यसक्तः ॥
अस्मत्कृते परितुष्यति काचिदन्या
धिक् तांचतंच मदनंचइमां च मांच ॥

આ શ્લોક કહેવાનો રાજાનો આશય એ છે કે-જરા, વ્યાધિહર તથા આયુષ્ય વર્દ્ધક અમરફળ કોઇ એક બ્રાહ્મણે લાવીને રાજાને આપ્યું. રાજાએ પોતાની પ્રિયપત્નીને આપ્યું. રાણીએ તે પોતાના વલ્લભ અશ્વપાળ–રાવતને આપ્યું. અશ્વપાળે પોતે રાખેલી ગણિકાને આપ્યું. અને ગણિકાએ તે ફળ પાછું રાજાને અર્પણ કર્યું. તેથી ચકિત થયેલો મહારાજા ભર્તૃહરિ, પોતાની સ્ત્રીના વ્યભિચારથી પરમ વૈરાગ્ય પામ્યો, અને તેથીજ તે આ શ્લોકમાં તે પોતાને, રાણીને અને કામદેવને નિંદે છે.)

હું જે સ્ત્રીનું હૃદયમાં નિરંતર ચિંતન કરૂંછું. તે મારી સ્ત્રી મારાથી વિરક્ત છે, વિરક્ત છે. એટલુંજ

નહિ પરંતુ પરપુરૂષ ઉપર આસક્ત છે. તે પરપુરૂષ વળી બીજી સ્ત્રી ઉપર આસક્ત છે. તે સ્ત્રી મારા ઉ-ઉપર પ્રસન્ન રહે છે,—એટલે કે મારા ઉપર આસક્ત છે. માટે જે સ્ત્રી મારી ઉપર આસક્ત છે તેને, તેની ઉપર જે પુરૂષ આસક્ત છે તેને, તે પુરૂષ ઉપર જે મારી સ્ત્રી આસક્ત છે તેને, મને અને આ સઘળી આ-સક્તિ જેનાથી ઉત્પન્ન થયેલી છે, તે કામદેવને પણ ધિ-ક્કાર છે. જેનું સ્મરણ હું ક્ષણ માત્ર પણ વિસરતો નહિ. અને જેના સમીપ રાજ્યની સર્વે સમૃદ્ધિ હાજર કર-તો હતો જેણે મારૂં પાણિગ્રહણ કરેલું એવી ત-ણુસો નવયૌવન બાળા સ્ત્રીઓ કે જે સર્વનો મારા ઉપર એક સરખો હક હતો, એ સર્વના જીવનને ખ-રાબ કરીને રાત દિવસ જેનામાં હું લુબ્ધ રહેતો હ-તો, તેણેજ બે દિલ થઇને આવું નિચ કૃત્ય કરયું!!! તેને શતકોટિ ધિક્કાર છે. સ્ત્રીને આ જગતમાં વા-સ્તવિક્ પ્રિય કોણ છે? કોઇપણ નથી.

जल्पन्ति सार्धं मन्येन पश्यन्त्यं सविभ्रमाः ।
हृदये चिन्तयन्त्यन्यं प्रियको नाम योषिताम् ॥

વિલાસવાળી સ્ત્રીઓ એકને જુએ છે. બીજાની સાથે વાત કરેછે અને ત્રીજાનું હૃદયમાં ધ્યાન ધરેછે. માટે સ્ત્રીઓને કોણ પ્રિય છે. ? આ પ્રમાણે મહારાજા ભર્તૃહરિ પિંગલાના સંબંધમાં અપરિમિત પશ્ચાતાપ કરી રહ્યો હતો; તેટલામાં એક વિશ્વાસુ અનુચર દ્વારા ખબર મળ્યા કે—વિક્રમાદિત્યને ખોટા આરોપથી કઢાવી મૂકેલ છે. તે સંબંધની કેટલીક હકીકત શ્રવણ કરી મહા ખેદ પામતાં પોતાના નિર્દોષ બંધુ વિક્રમાદિત્યનું સ્મરણ કરતાં, શોક સમુદ્રમાં નિમગ્ન થઇ અપરિમિત પશ્ચાતાપ કરવા લાગ્યો. અરે મેં બાઇજેવાભાઇને દેશ નિકાલ કર્યો ! નિર્દોષ મારો બંધુ વિક્રમ માલવ દેશમાંથી ગયો ! હા ! વિક્રમ ! ! તારાં સર્વ વચનો સત્ય થયાં ! હે ભાઇ ! મેં કાચા કાનથી તથા સ્ત્રીના જુઠા પ્યારમાં ફસાઈ સ્ત્રીનું વચન માન્ય રાખી હે વીર ! હું તેને ભરૂસે રહ્યો એ મેં મોટી ભુલ કરી છે. હે ભાઈ ! મેં વગર સમજથી તને દેશ નિકાલ કર્યો તે માટે હવે મને બહુ લાગી આવે છે મારા અન્તઃકરણમાં દાહ થાય છે. અરે દુષ્ટ પિંગળા !

તારામાં વિષયાસક્ત થઇ તારા કપટ ભરેલાં વચનમાં ભુલાવો ખાઇ મેં શું શું વિપરીત કાર્ય કરયાં નથી. મારા નિર્દોષ બંધુ વિક્રમ ઉપર મેં કેવો ખોટો આરોપ મૂકયો. મેં કઠોર શબ્દ પ્રહાર કરી તેનું હૃદય વિંધી નાખ્યું. અરેરે! મેં દુષ્ટે કશો તલ્સ્પર્શી વિચાર કરયો નહિ. અરે! એટલુંજ નહિ પણ એ ધર્મ મૂર્ત્તિ બાળકને માળવભૂમિની હદપાર કાઢયો. હવે મને અપરિમિત પશ્ચાત્તાપ થાય છે. હવે હું શું કરૂ! કયાં જાઊં! મને જરા ચેન પડતું નથી. હે વિક્રમ! હું શોક સમુદ્રમાં હવે ડુબી ગયો છું. અને તારાં કહેલાં વચનોનું સ્મરણ કરૂં છું અરે! મારો ભાઇજિવોભાઇ પ્યારો વિક્રમ, આદિત્ય–સૂર્યવત્ શુદ્ધ બંધુ! તું નિર્દોષ, નિરપરાધી ઉપર મેં વગર વિચાર કરયે કઠોર વચન પ્રહાર કરી તારૂં હૃદય મેં ભેદી નાખ્યું! અરે! મેં અત્યંત સાહસ કરયું. શિવ! શિવ!! શિવ!!! તારા ઉપર આ નીચ મતિ મંદ ગમાર ભર્તૃહરિએ સાહસ કરયું. અને વ્યભિચારિણી પિંગળામાં મોહલુબ્ધ મનથી વિશ્વાસ રાખી મેં તને સ્વમુખે

આજ્ઞા કરી દેશ નિકાલ કરયો. તે મેં અત્યંત ભુડું કરયું. અરે ! મેં અત્યંત સાહસ કરયું. ! હે શંકર ! મારી મતી ફરી ગઇ ! હે વિધાત્રી ! તું વિપરીત થઇ ગઇ ! હે બંધુ ! તું કહેતો હતો કે, ભર્તૃહરી ! વિષભૂમિમાં તે અમૃત જાણ્યું છે, પણ એમાં રોપેલા બીજનું કડવું ફળ જ્યારે તને આગળ મળશે ત્યારે તને મરણ સમાન પ્રશ્ચાતાપ થશે. ! ! અરે ! તારૂં બોલવું આગળ આવ્યું ! થયું પણ તેમજ ! હવે હું શોક સમુદ્રમાં સર્વાંગ ડુબી ગયોછું ! તે હવે શી રીતે નિકળી શકું ! ! અરે પાપી પિંગળા ! તેં મને બે હાલ કરયો ! ખરાબ ખસ્ત કરી નાખ્યો ! મારી આબરૂ ઉપર છીણી મુકી ! હવે હું કેવળ મુવાને આળસેજ જીવુંછું. અરે ! દુષ્ટ તેં મારા પ્રતાપી નિર્દોષ બંધુને વિનાપરાધે દેશનિકાલ કરાવ્યો. અરે ! તે વાર્તા સ્મરણ થતાં મને અપરિમિત પશ્ચાતાપ થાય છે ! મારી છાતી બળે છે ! અરે ! તને જરા વિચાર ન થયો ! આ વ્યભિચારના ક્ષણિક સુખ માટે તને પુત્ર સમાન મારો નાનોભાઇ વિક્રમ તેનીતને જરા દયા ન આવી

તને મારાં કુળની જરા વિચારણા ન થઇ ! અરે ! આ બધો વિચાર હવે કરવો નકામો છે. પાણી પીને ઘર પુછવું નકામું છે. તેમ મારા આ સર્વે વિચાર હવે નકામા છે. અહાહા. ! સ્ત્રીઓનાં સાહસથી પરમાવધી છે તે અબળા નથી પણ સબળા છે. દુષ્ટ સ્ત્રીઓ વ્યભિચારનાં ક્ષણ માત્રનાં સુખને માટે પોતાનાં માબાપની આબરૂને ધુળ ધાણી કરી નાખે છે. પતિને જીવન ઉપરથી કંટાળોં કરાવી દેછે. પુત્રને નીચું જોવરાવે છે. અહાહા ! કામદેવ તને નમન છે. અરે ! પિંગલા ! મારો નાનોભાઈ વિક્રમ તરૂણાવસ્થિત કે જેને સંસાર સુખ ઉપભોગનું પુરૂં જ્ઞાન પણ નહતું તેનું જીવતર તેં ખરાબ કરી નાખ્યું. અરે! તેં તેને અરણ્યવાસ અપાવ્યો. અરે ! હું તને શું કરૂં ? કેટલા ધિક્કાર આપું ! અરે તને શું શિક્ષા કરૂં ! તેની મને સમજણ પડતી નથી. અરે ભાઈ વિક્રમ ! તું એકવાર આવી આ તારાભાઈ ભર્તૃહરીનું મસ્તક કાપી નાખી જમીન ઉપર ઉડાવીદે. ત્યારે તને કરેલી શિક્ષાનો સંતોષ થશે અરે ! આ જલ્પના મિથ્યા છે.

વિક્રમ તો હવે માલવ દેશમાં પુનઃ આવનાર નથી. અરે ! એતો પ્રતિજ્ઞા કરીને ગયો છે. અરે ! સ્ત્રીનો સ્નેહ ખોટો હતો તે ખોટો નજરે જણાઈ આવ્યો અને ભાઇનો સાચો સ્નેહ હતો તે સાચો જણાઈ આવ્યો. મારી મતિ મલીન થઇ ગઇ. હે બંધુ ! તારાં કહેલાં સર્વ વચનો સત્ય થયાં તેનું સ્મરણ થતાં મને ઘણોજ પશ્ચાત્તાપ થાય છે. પણ હવે શું કરૂં લાચાર ! શ્રી પૂર્ણ પુરૂષોત્તમ શ્રી રામચન્દ્રજીના પ્રત્યે જેવી શેષાવતારી લક્ષ્મણજીની અકથનીય ભક્તિ હતી, તે કરતાં તારી ભક્તિ હે ભ્રાતા ! મારા પ્રત્યે ઓછી નહતી. જ્યારે લંકામાં યુદ્ધ કરતાં દશકંધર- રાવણના પ્રખ્યાત પુત્ર ઇન્દ્રજીતના હાથથી બ્રહ્માજીની આપેલી અમોઘ શક્તિ લક્ષ્મણજીને વાગતાં રણભૂમીના ભૂષણ માટે મૂર્છા ખાઇને પડેલા શ્રી લક્ષ્મણજીના માટે શ્રી રામચન્દ્રજીએ જે શોક કર્યો હતો, તે કરતાં પણ વિશેષ શોક મને આ વખતે થાય છે. અવશ્ય શ્રી રામચન્દ્રજીનાં વચન સત્ય છે કે-'સ્ત્રીઓ અને મિત્રો તો હજારો મળશે, પણ માનો જણ્યો ભાઇ તો ક્યાંય મળનાર નથી ' હે રઘુકુળ ભૂષણ શ્રી રામચન્દ્રજી ! આપનાં વચન

અક્ષરસઃ સત્ય છે. અરે! મેં નરાધમે વગર વિચારે સ્રીને માટે ભાઈજેવા ભાઇને ખોયો. હે બન્ધુ! મેં તને બહુજ કષ્ટ આપ્યું છે. તે સર્વ વાર્ત્તા હવે તારે વિસરી જવી જોઇએ, કેમકે તારોભાઈ ભર્તૃહરિ હવે માલવાનોરાજા નથી; પરન્તુ એતો હવે ભસ્મ લગાવી જંગલમાં યોગી થવા જાય છે. માટે ભિક્ષાનો માગવા વાળો જે હું તેના ઉપર તારે હવે રોષ રાખવો નહિ. હે મન! તને વિષયની ઘણીજ તૃષ્ણા હતી! તેની શિક્ષા તને ઠીક મળી!! હવે શ્રી સદાશિવજીની ભક્તિમાં આરૂઢ થા. હે મન! મારૂં કહ્યું હવે માની મોહ તૃષ્ણાનો ત્યાગ કરી, શંકરની ભક્તિ કરય. અરે! હવે વિલંબ કરવાનું શું પ્રયોજન છે?! આ પ્રમાણે વિચાર કરતો શોક સમુદ્ર ડુબી ગયો હતો, તેટલામાં પ્રધાન મંડલ આવતાં તેઓએ રાજ પાટનો ત્યાગ કરી જંગલમાં જઈ ભેખ ધારણ ન કરવા માટે ઘણું સમજાવ્યો, પણ તેણે કોઇનું પણ ન માનતાં કહ્યું કે–હે પ્રધાન–આદિ સભાસદો! આ પાપિષ્ટ સંસારમાં કોઇપણ કોઇનું નથી. કોઇપણ વસ્તુ સા-

ચી દૃષ્ટિગોચર થતી નથી. રાજ જુઠું, રાજનું કામકાજ જુઠું. સ્ત્રી જુઠી. સ્ત્રીનો સ્નેહ જુઠો, રંગ અને રૂપવાળા જે જે દૃશ્ય પદાર્થો છે, તે સર્વ નાશવંત છે. તો એવી કઇ વસ્તુ છે કે જેનો હું આશ્રય કરૂં; કારણ કે તત્સ્પર્શ વિચાર કરતાં સર્વમાં ભય છે, માત્ર એક વૈરાગ્યજ અભય છે; કારણ કે:-

भोगे रोग भयं कुले च्युति भयं
वित्ते नृपालाद् भयं
मौने दैन्य भयं बले रिपु भयं
रूपे जराया भयम् ।
शास्त्रे वाद भयं गुणे खल भयं
काये कृतान्ताद् भयम्
सर्वं वस्तु भया न्वतं भुविनृणां
वैराग्य मेवा भयम् ॥

ભોગમાં રોગનો ભય, કુળમાં ભ્રષ્ટ થવાનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દીનતાનો ભય,

બળમાં શત્રુનો ભય, રૂપમાં જરાનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં ખળનો ભય, અને કાયામાં કાળનો ભય, આ પ્રમાણે સર્વ વસ્તુ મનુષ્યોને જગત્‌માં ભય, વાળી છે; પણ માત્ર એક વૈરાગ્યજ અભય છે, માટે મેં નિર્ભય એવા વૈરાગ્યનો આશ્રય કરવાનો દૃઢ નિશ્ચય કર્યો છે, એ સત્ય છે અને મારો એ નિશ્ચય હું ફેરવનાર નથી. ભાગીરથી તટે અરણ્યમાં જઇને કોઇ માહાત્માને ગુરૂ કરી તે પાસેથી ભેખ ધારણ કરીશ. જેથી આ ચોરાશી લક્ષયોનીનો ફેરો મટી જાય! અને આત્મ જ્ઞાનોપદેશથી સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિ થતાં મોક્ષ થાય.

अहो स्त्रीणां चित्त चरित्रं केनापिन वि..ायत ।

અહો! સ્ત્રીનાં ચિત્તનું ચરિત્ર કોઇથી પણ જાણી શકાતું નથી.!! અવશ્ય આ સંસારમાં

न वैराग्यात्प भाग्यं नबोधादपरः सखा

न हरेरपर स्त्राता, न संसा ात्परो रिपुः ।

વૈરાગ્યથી ઉત્કૃષ્ટ બીજું કાંઇ ભાગ્ય નથી. બો-

ધ–જ્ઞાનથી સહાય કર્તા બીજો મિત્ર કે બંધુ નથી. હરિ વગર બીજો કોઇ (પણ) રક્ષણ કર્તા નથી. અને સંસાર કરતાં બીજો કોઇ (પ્રબળ) શત્રુ નથી!! માટે હે પ્રધાના! મેં વૈરાગ્યનો આશ્રય કરવાને જે સંકલ્પ કર્યો છે. તે મ્હારો સંકલ્પ સત્ય છે. હવે તે સંકલ્પ ફરનાર નથી. માટે અહિંથી જઇ ગંગાતીરે કોઈ અરણ્યમાં માહાત્મા પુરૂષને શોધી ગુરૂ કરી તેની પાસેથી ભેખ ધારણ કરીશ. તેથી કરી આ ચોરાસી લક્ષયોનિમાં પુન: પુન: જન્મ–મરણ થઈ ભટકવું પડે છે તે ગુરૂ કૃપાથી મટી જાય અને આત્મ જ્ઞાનના ઉપદેશથી મને સચ્ચિદાનંદ સ્વરૂપ મોક્ષ પ્રાપ્ત થઈ જાય. અને અનાદિ સિદ્ધ નિરંજન સર્વે વ્યાપક પરમાત્માના જ્યોતિ સ્વરૂપમાં લીન થઇ જાઊં. માટે આ રાજ તને સોંપું છું તે સંભાળીને ચલાવજે. સંસારનું કોઈ પણ કાર્ય કરવાની મારી ઇચ્છા નથી. જો ઇચ્છા રાખું તો પ્રથમ દેહાંત શિક્ષા પિંગળાનેજ કરૂં! પણ નાના! કારણ કે સંસારની પ્રત્યેક પરિણામી અને વિકારી વસ્તુનું મારે શું પ્રયો-

જન છે ? જડ અસત્ અને દુઃખ રૂપનો સંકલ્પ હવે શા માટે કરવો. !

रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं नगेयादिकं
किंवा प्राण समा समागम सुखं नैवाधिकं प्रीतये ॥
किंतद्भ्रान्त पतत्पतङ्ग पवन व्यालोल दीवांकुर
च्छायाचञ्चलमाकलय्य सकलं सन्तोवनान्तंगताः।

રહેવાને માટે રમ્ય મંદિર શું નથી ? સાંભળવા યોગ્ય ગાયનો પણ શું નથી ? અથવા પ્રીતિમાં પ્રાણ-થી પણ પ્રિય પ્રિયાના સમાગમનું સુખ શું નથી કે ? સર્વ છે, પરન્તુ ઉદ્‌ભ્રાન્ત પતંગના પવનથી ચપળ દીપકની છાયા જેવું તે સર્વ ચંચળ છે એમ ધારીને જ સંતો વનમાં ગયા છે; અર્થાત્ પતંગીઆની પાં-ખોના પવનથી ડોલતી દીવાની જોત જેવાંજ ચંચળ સંસારનાં સુખ છે, એમ જાણીને સંત પુરૂષો વન-માં વસ્યા છે, રંગમેહેલ, ગાનતાન અને સમાગમ સુખ એ સર્વ છે; પણ તે ચંચળ છે અને માત્ર ઇશ્વરનું નામજ એક અચળ છે,

રાજાનાં આવાં વચન સાંભળી મંત્રીએ કહ્યું કે—

મહારાજ ! આ સંસારમાં બે દિવસ સુખના તો બે દિવસ દુઃખના પણ આવે, એક વાર્ત્તામાં અસંતોષ તો બીજીમાં સંતોષ પણ થાય છે. માટે આ રાજ-નો ત્યાગ ન કરતાં તખ્ત ઉપર બેસી પુણ્યદાન–આદિ સત્કર્મ કરશો તો એ ધર્મ સંગ્રહ ગૃહસ્થાશ્રમમાં સુખ આપ્યા વગર રહેશે નહિ. વનમાં જઇ તપશ્ચર્યા-જ કરવાની આપની આ અવસ્થા નથી. અને સંસાર સુખ ઉપભોગ ત્યાગ કરવાનો આ વખત નથી. અ-હિ સર્વ કાર્યની સિદ્ધિ થશે.

આવાં પ્રધાનનાં વચન શ્રવણ કરી ભર્ત્તૃહરિ એ કહ્યું કે;—

स्थिति पुण्या रण्ये सह परिचयो हन्त हरिणैः
फलैर्मेध्यावृत्तिः प्रति दिवसतल्पानि दृषदः ।
इतीयं सामग्री भवती हरभक्ति स्पृहयतां
वनं वा गेहं वा सदृश मुपशान्तैकमनसाम् ॥

પુણ્ય કારક વનમાં વાસ, હરિજનની સાથે પરિ-ચય, વન ફળથીજ પવિત્ર વૃત્તિ, અને પ્રતિદિવસ પથ્થર ઉપરજ શયન, આ પ્રમાણે સદાશિવજીની

ભક્તિ ઇચ્છનાર અને શાન્ત થયેલા મનવાળા પુરૂષો-ની સામગ્રી હોય છે તેમને ઘર અને વન બેય સ-માન છે, અર્થાત્ પ્રસન્ન ચિત્ત યોગીઓને કદિ પણ દુઃખ થતું નથી; કારણ કે રાગ દ્વેષ રહિત થયા અને વનમાં વાસકર્યો એટલે દુઃખ શું? સર્વે સુખ મયજ; કારણ કે આત્મા સંસારના કલેશમાંથી છુટયો એટલે તે પરમાનંદમાં રમે છે.

मही रम्या शय्या विपुलमुपधानं भुजलता
वितानं चाकाशं व्यजन मनुकूलोऽयमनिलः।
स्फुरद्दीपश्चन्द्रो विरति वनितासंग मुदितः
सुखं शान्तः शेते मुनिरतनु भूति नृप इव ॥

મહી રૂપી સુંદર શયન, હાથ એજ મોટું ઓશિકું, આકાશ એજ ચંદરવો, અનુકૂળ પવન એજ વ્ય-જન, અને ચન્દ્રમા એજ જેનો દેદીપ્યમાન દીવો છે એવો તથા વિરતી વનિતાના સંગથી પ્રસન્ન થયેલો યોગી મોટા ઐશ્વર્ય વાળા રાજાની પેઠે શાન્ત થઇ સુખ પૂર્વક સુઇ રહે છે. માટે મારૂં ચિત્ત સંસારમાં લાગતું નથી સંસાર ક્ષણ ભંગુર છે, તેનું સુખ ક્ષ-

ણિક છે, તે પણ માયાના વશ થઇ જવાથીજ ક્ષણિક સુખ દેખાય છે. વાસ્તવિક રીતે જોતાં તો સંસાર સુખ રૂપ નથીજ જેમ પતંગીઓ તિવ્ર અગ્નિમાં તેની મોટાઇ જાણ્યા વગર પડે છે. અને બળી ભસ્મ થાય છે. જેમ માછલું લોહાની આંકડીએ વળગેલું ભક્ષ લેવાની લાલચે પોતાનાં પ્રાણ ખુવે છે, અને હરિણ મધુર ગાયનમાં તલ્લીન થઇ સ્થિર રહેવાથી પારધીના બાણુનો ભોગ થઇ પડે છે. તથા ભ્રમર ઘ્રાણેન્દ્રિયના મોહમાં કમળમાં સપડાઇને મરણ પામે છે, તેમ આપણે સમજીએ છીએ ખરા તો પણ આપત્તિની જાળવાળા એવા સંસારના વિષયોનો ત્યાગ કરતા નથી ! ! અહાહા ! મોહનો મહિમા ગહન છે ! એમ કહેતાની સાથેજ તુરતજ સિંહાસન પાસે પડેલી ખપ્પરની એકદમ ઉપાડી જય અલેક ! જય અચ્યુત નિરંજન ! ! એમ બોલીને પેહેરી લીધી. અને તુરતજ સિંહાસન ઉપરથો ઉતરીને ચાલવા માડયું, આ સમાચાર વિદ્યુત્ સદૃશ તુરત આખા શહેરમાં પ્રસરી ગયા. પ્રજા શોક સમુદ્રમાં ડૂબવા લાગી. અને જેમ શ્રી રામચન્દ્રજી વનમાં પધાર્યા હતા અને સકુ-

ળ પ્રજા પાછળ જવા લાગી હતી તેમ મહારાજા ભર્તૃહરિની પ્રજા પણ તેની પાછળ ચાલવા લાગી, રાણીઓ હ્રદય ફાટી જાય એવા પ્રકારે રૂદન કરવા લાગી. અને દુષ્ટ પિંગલા પણ પોતાનાં પાપ કર્મથી અવર્ણનીય પસ્તાવો કરતી રૂદન કરતી પછડાવા લાગી શહેરમાં ચારેકોર મહા હાહાકાર થઈ રહ્યો, ઉજ્જયની તે વખત શૂન્યકાર થઈ રહી, આવો શોક જનક બનાવ નિરખી પાષાણ હ્રદયનાં વીર પુરૂષોનાં હ્રદય પણ પીગળી ગયાં. ઘણે છેટે સુધી શહેરનાં મનુષ્યો રાજાની પાછળ જતાં તેઓને અમાત્ય મંડળે સમજાવતાં પરાણે પાછાં વાળ્યાં. મુખ્ય પ્રધાને વિક્રમાદિત્યના શોધ માટે વિશ્વાસુ અનુચરોને ત્વરાથી મોકલ્યા. રાજાનો દુરાગ્રહ જોતાં અંતે અમાત્યમંડળ પણ નિરૂપાય થઈ કચવાતે દિલડે પાછું ફરયુ અને ભર્તૃહરિ યોગી વેષે એકલોજ અરણ્યમાં ચાલ્યો ગયો. અરણ્યમાં આગળ ચાલતાં ચાલતાં મહા અરણ્યમાં જયાં જોગીન્દ્ર મચ્છેન્દ્રનાથનો આશ્રમ હતો ત્યાં રાજર્ષિ ભર્તૃહરિ ગયો, અને

મચ્છેન્દ્રનાથને પ્રણામ કરયા, ગોરખનાથે, ભર્તૃહરિના વૈરાગ્યના સંબંધમાં કેટલીક ખાતરી કરી, તો પણ ગુરૂ મચ્છેન્દ્રનાથે વિશેષ ખાત્રી કરવા અર્થે પોતાના એક વિશ્વાસુ શિષ્યને ભર્તૃહરિ સાથે પાઠવી રાણીઓ પાસેથી ભિક્ષા માગી લાવવા મોકલ્યો. એટલે ભર્તૃહરિ રાણીઓ પાસેથી નિર્દૂષ અને નિર્વિકારથી ભિક્ષા માગી લાવ્યો. આ પ્રમાણે તેના દૃઢ વૈરાગ્યની પ્રતીતિ થતાં ગુરૂ મચ્છેન્દ્રનાથે મંત્રોપદેશ કરયો, અને પછી કેટલોક બોધ કરયો કે–' આ જગતની માયા અનાદિ કાળથી ચાલે છે. આ બધું બાજીગરના તંત્ર સમાન છે. આ દૃષ્ય પદાર્થ જે કાંઈ નજરે પડે છે, એ સર્વ અસત્ય છે. ચૌદબ્રહ્માન્ડ પર્યન્ત માયાનું જે કાર્ય છે તે સર્વ નાશવાન્ છે. આ દેહપંચ મહાભૂતથી બનેલો છે. તે ક્ષણભંગુર અને વિકારવાન્ છે, તેમાં સાર વસ્તુ શું છે ? તેનો વિચાર કરવો જોઇએ, પોતાના મનને બહુજ સમજાવવું કે;–હે મન ! આ નાશવાન્ પદાર્થોમાં શું આસક્તિ

રાખે છે? આ શરીર હજારૂ કે લાખ વર્ષ રહ્યું તો પણ શું! અને અત્યારે નાશ પામે તો પણ શું! ચૌદ ચોકડીનું રાજ મળે તો પણ શું? અને નિર્ધન રહ્યા તો પણ શું? કારણ કે અંતે એ સર્વ અસત્ય છે, પાંચ વિષયનાં જે જે કાર્ય છે તે સર્વ દુઃખ જનક છે. તરૂણી, મન, માતા-પિતા, સગાં-સહોદર, ભ્રાતા, ભગિની એ સર્વ સ્વાર્થની બાજી છે. એ સર્વ પોત પોતાના સુખને માટેજ યત્ન કરે છે. એ જો સત્ય હોય તો સાથે કેમ આવતાં નથી, આ પ્રમાણે ઉંડા ઉતરી વિચાર કરી જોતાં સ્પષ્ટ સમજાય છે કે:-કોઇ પણ નિઃસ્વાર્થી સત્યસ્નેહી આ જગત્‌માં નથી. આ અસત્ય, જડ, અને દુઃખ રૂપ ક્ષણભંગુર દેહથી સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ય વસ્તુ પ્રાપ્ત થાય છે. માટે એ દેહ વડે એવાં સાધન કરવામાં વિલંબ કરવોજ નહિ! આ પ્રમાણે કેટલોક બોધ આપ્યો. આ સાંભળી ભર્તૃહરિએ કહ્યું કે-ગુરૂ મહારાજ! એવી કઇ વસ્તુમાં મનની સ્થિતિ

કરવી ? ગુરૂએ કહ્યુંકે:-'દેખ બચ્ચા ! અલખ નિરંજનકા તુ જો મંત્ર દિયાહૈ, ઉસ્મે સ્થિતિ કરનાં' આ પ્રમાણે કેટલુંક સમજાવ્યો ત્યારપછી રાજર્ષિ ભર્તૃહરિ યોગાભ્યાસમાં પ્રવૃત્ત થયો હતો. અને ઉજ્જયનિ પાસે જઇ એક ગુફામાં રહી યોગાભ્યાસ કર્યો હતો, એમ કરતાં કરતાં તે પરિપક્વ અવસ્થાએ બ્રહ્માનંદ સુખ અનુભવવા લાગ્યો, ભર્તૃહરિ તે કાળમાં ખરેખરો એક જીવનમુક્ત પુરૂષ હતો, અને આત્મજ્ઞાનના અનુપમ સુખનો અનુભવ કરતો હતો, ઉજ્જયનિ પાસે સાંપ્રતકાળમાં પણ તેની ગુફા છે અને તે ભર્તૃહરિની ગુફા એ નામથીજ ઓળખાય છે. સોરાષ્ટમાં જ્યાં સોરઠી સોમનાથ મહાદેવ છે. ત્યાંથી સાત આઠ માઇલને અંતરે ગોરખમઢી નામે ગામ હાલ પણ છે. ત્યાં ગોરખનાથની મઢી પ્રાચીનકાળમાં હોવાથી તે ગામનું નામ ગોરખ મઢી છે. તે ગામમાં ગોરખનાથ પાસે થોડો સમય રહીને ભર્તૃહરિ યોગનાં કેટલાંક અંગો શિખ્યો હતો. એમ પુરવાર થાય છે. ભર્તૃહરિ તે કાળમાં એક અદ્વિતીય વિદ્વાન્ હતો, તેણે

પાણિનિ વ્યાકરણનાં પતંજલિકૃત મહાભાષ્ય ઉપર વ્યાખ્યાનરૂપે એકલક્ષ કારિકા રચી છે. આ કારિકાની મદદથી મહાભાષ્યનો ટીકાકારજે કૈયટ તેણે 'ભાષ્ય પ્રદીપ' એવા નામની ટીકા કરી છે, એ ટીકાના પ્રારંભમાં કૈયટના એવા ઉદ્ગારો છે કે;– 'ભાષ્ય ગ્રન્થ સમુદ્ર સદૃશ અતિ ગંભીર છે. અને હું તો અલ્પ બુદ્ધિનો છું છતાં પણ ભર્તૃહરિએ બાંધેલા કારિકા રૂપી પુલની સહાયતાથી ભાષ્યરૂપી સમુદ્રને તરી પારજવા ઈચ્છુંછું' કૈયટે ટીકા કરી તે પછી ઘણું કરીને કારિકાઓ બધી જતી રહી. પણ તેમાંના કેટલાક ફકરા કૌસ્તુભ' અને 'વૈયાકરણ ભૂષણ ઈત્યાદિ અર્થ વિચારના ગ્રન્થોમાં દૃષ્ટિ તળે આવેછે. તે કારિકાઓને હરિકારિકા એવું કહેવાનો ચાલ છે. વળી વાક્યપ્રદીપ એ અર્થ સમજવાનો પ્રખ્યાત ગ્રન્થ પણ ભર્તૃહરિનો બનાવેલો છે. **રાહુટકાવ્ય** નામે બાવીશ શ્લોકનો એક નાનો ગ્રન્થ પણ તેમનોજ કરેલો છે, તે ગ્રન્થમાં વ્યાકરણ શાસ્ત્રનો અને અલંકાર શાસ્ત્રનો નિયમ

બાંધીને શ્રી રામાવતારની કથા ટુંકામાં વર્ણવેલી છે. એ વગર તેણે **શૃંગારશતક**, **નીતિશતક** અને **વૈરાગ્યશતક** નામે અતિ વિખ્યાત ગ્રન્થો રચ્યા છે તેમ ચોથું **વિજ્ઞાનશતક** પણ તેણેજ રચ્યું છે. તેણે રચેલાં શતકોમાં જે જે ભાવાર્થના શ્લોકો છે, તથા જે જે ઉપદેશ તેમાં રહેલો છે. તેની ખરી ખૂબીના જ્ઞાતા પુરૂષોને તે હૃદય ભેદક છે, એટલુંજ નહિ પરન્તુ તેની માર્મિક અને અદ્દ્ભુત કૃતિના શ્લોક અન્ય સંસ્કૃત પુસ્તકોમાંથી ભાગ્યેજ મળી આવશે. સંસારમાં અરૂચિ થયેલા પુરૂષને શૃંગારમાં પ્રવૃત્ત કરવાને માટે તેનું રચેલું ' **શૃંગાશતક** ' બસ છે, સુભાષિત વક્તાને માટે તેનું રચેલું ' **નીતિશતક** ' સાહિત્ય નીધિનો એક સર્વોત્કૃષ્ટ ભાગ છે. તેમજ વૈરાગ્યવાન્ પુરૂષોને ગમે તેવી દરિદ્ર આપતી યુક્ત વ્યાવહારિક સ્થિતિમાં એક અવિચલ સુખનું સ્થાન પ્રાપ્ત કરનારૂં, પુરૂષાર્થના શ્રેષ્ટ અંકુરોનો ઉદ્દ્ભવ કરનારૂં, યાચનાની નિચ વૃત્તિનો તિરસ્કાર કરવા વાળું, અને

મોક્ષના સાધનમાં યોજનારૂં' 'વૈરાગ્યશતક' છે. રાજર્ષિ ભર્તૃહરિના રચેલા આ સર્વ ગ્રન્થો ઉપરથી તે તે કાળમાં એક અદ્વિતીય વિદ્વાન્ હતો અને તે સમર્થ જ્ઞાની હતો તેની પ્રતીતિ થાય છે. તેણે આત્મજ્ઞાન અને યોગવિદ્યામાં ઘણીજ કુશળતા મેળવી હતી એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. આવાં આવાં પોતાનાં મહત્ કાર્યોથી યોગીન્દ્ર ભર્તૃહરિ જગતમાં અમર નામ તથા કીર્ત્તિ મુકી ગયો છે, ધન્ય છે! આવા માહાત્મા પુરૂષોના જીવનને! તેઓ પરલોકવાસી થયા છતાં આ પૃથિવી ઉપર અજર અમર છે, ભર્તૃહરિ અમરફળના પ્રભાવે આ દશાને પોહોચ્યો હતો અને અમરફળ ખાઇ અમર થઇ અમર કીર્ત્તિ મુકી ગયો છે. ધન્ય છે. તેને! ભર્તૃહરિનાં ચરિત્ર ઉપરથી ઘણું શિક્ષણ લેવાનુ છે. મનુષ્યે સ્ત્રીના ખોટા પ્યારમાં ફસાવું નહિ. સ્ત્રીનાં વચન, હાસ્ય અને કટાક્ષ પુરૂષને મદારીના માંકડા સમાન બનાવી દેછે. અને પછી ન કરવાના કર્મ કરાવે છે. કુટુંબમાં કલેશ કરાવે છે, ટુંકામાં સર્વ અનર્થ-

નું મૂળ સ્ત્રી છે. સ્ત્રી રૂપી કુંચી મનુષ્યનાં મનરૂપી તાળાંને તુરત ઉઘાડી નાખે છે. સ્ત્રીઓ કૃત્રિમ પ્યાર દર્શાવી કેવાં નિચ કર્મ કરે છે તે માટે પિંગળાનો દાખલો બસ છે. અને સ્ત્રીના પંઝામાં સપડાઈ પુરૂષો વગર વિચારનાં કામ કરી પાછળથી સમજ પડતાં અપરિમિત પશ્ચાતાપ કરે છે તે માટે રાજર્ષિ ભર્તૃહરિનો દાખલો બસ છે. માટે સર્વે આર્યબંધુઓએ સ્ત્રીના કૃત્રિમ પ્યારમાં ફસાવું નહિ. સ્ત્રીનું જેટલું લાલનપાલન કરવામાં આવે છે તે પરિણામે પોતાનેજ હાનિ કર્ત્તા છે. માટે સ્ત્રીને વિશેષ સ્વતંત્રતા આપવી એ હાનીકારક છે.

સ્ત્રી ગમે તેવી હોય, કે પ્રતિવ્રતનો ડોળ દર્શાવતી હોય, તોપણ તેનો તલસ્પર્શ તપાસ કરયા વગર તેના ઉપરના આડંબર ઉપરથી મોહ પામી, તેને આધીન થઇ જવું નહિ. આધીન થઈ જવું નહિ, એટલુંજ નહિ, પણ પોતાની પ્યારી શુદ્ધ પતિવ્રતા છે, એવું મિથ્યાભિમાન રાખી ગફલતમાં રહેવું નહિ. સ્ત્રીના કૃત્રિમ પ્યારમાં ફસાઇ ગફલતમાં રહેનારને પાછળ

ષી ભર્તૃહરિના સદૃશ અપરિમિત પશ્ચાત્તાપ કરવો પડે છે. રાજર્ષિ ભર્તૃહરિ તો એક વિદ્વાન્, આસ્તિક અને યોગ ભ્રષ્ટ પુરૂષ જન્મેલો હતો, તેથી તેણે તો ત્વરાથી રાજપાટનો ત્યાગ કરી વનવાસ લીધો, પરંતુ અન્ય પુરૂષો કે જેઓ વિષય સુખનેજ જન્મનું સાર્થક માનનારા છે, તેવા જો પ્રેમના પાસમાં પડી ગાફલ રહેતો તેને પછી અવર્ણનીય પસ્તાવો કરવો પડે છે, અને સ્ત્રીનાં દુષ્ટ કૃત્યથી આખો ભવ દુઃખથી ગાળવો પડે છે. જો કે સંસારમાં સર્વોત્તમ સુખનું સાધન સ્ત્રી છે, તેમજ સર્વ દુઃખનું મૂળ પણ સ્ત્રીજ છે, પિંગળાના ખોટા પ્યારમાં ફસાઇ, ભર્તૃહરિ જેવા વિચક્ષણ પુરૂષેપણ, પિંગળાના, વિક્રમ ઉપરના ખોટા આરોપને ખરો માની સાહસ કરી, વિક્રમને દેશ નિકાલ કરયો, અને પાછળથી સર્વ વાર્ત્તા પ્રકાશમાં આવતાં, રાજર્ષિ ભર્તૃહરિને મરણ કરતાં પણ વિશેષ પશ્ચાતાપ થયો હતો, માટે પ્રત્યેક મનુષ્યે સ્ત્રીનાં જુઠાં વચન ઉપર એકદમ ભરમાઇ ન જતાં, તે બાબતનો પૂર્ણ તપાસ કરવો. સ્ત્રીઓ જો કે બધી કુલટા હોતી નથી, સદાચરણી પણ હોય છે, પરન્તુ

સ્ત્રીનું મન એવું ચંચળ હોય છે કે, તેને જો ધર્મ નીતિ અને શિયલનાં બોધની અવિચ્છિન્ન ધારા રહ્યા કરે, તોજ તે સદાચરણી રહી શકે છે. નહિતો ક્ષણુ માં તેના વિચાર ફરી જાય છે. દુર્ગુણ તરફ વળવું એ જાણે મનનો સ્વભાવિક્જ ધર્મ છે, માટે ઘર સંસાર સારી રીતે સુધારી, જીવન સુખ પુર્વક ગાળવું હોય, તો, સ્ત્રીઓને સત્ય, નીતિ અને શિયળના અખન્ડ બોધની અત્યાવશ્યાકતા છે, સ્ત્રીયોને સદ્ગ્રન્થોનું વાચન, ધર્મ શાસ્ત્રોનું શ્રવણ, અને સત્સંગ એ જો નિત્ય રહે, તોજ સ્ત્રીયોના મન ઉપર સારી અસર થાય છે, આ પુસ્તકમાં આપેલાં પિંગળાનાં ચરિત્ર ઉપરથી કોઇએ એવો વિચાર બાંધવાનો નથી કે, સર્વ સ્ત્રીઓ નઠારી હોય છે, ઘણી સ્ત્રીઓ ઉત્તમ સંગના બળથી મહા-પતિવ્રતાઓ પણ હોય છે. આમ છતાં પણ પ્રથમતઃ સ્ત્રીનું સારી રીતે પરિક્ષણ કરવાની અગત્ય છે. સ્ત્રીનું વાસ્તવિક્ રીતે પરિક્ષણુ કરયા પછી તેને આધીન થવું કે તેથી સત્યાસત્ય જણાઈ આવતાં શોક સમુદ્ર માં નિમગ્ન થવાનો સમય પ્રાપ્ત થતો નથી. સ્ત્રીના

મોહપાશમાં ઘણા ખરાબખસ્ત થઈ ગયા છે, રાજપાટ ઉજડ થઇ ગયાં છે, કેટલાક ઘરબાર ત્યજીને લંગોટી પેહેરી, શરીરે રાખ ચોળીને ચાલ્યા ગયા છે. માટે દરેક પુરૂષે પોતાની જીંદગી સુખમાં ગાળવી હોય તો પ્રથમ સ્ત્રીની સારી રીતે પરિક્ષા લઇ પછી તેને આધીન થવું પણ પ્રથમથી એકદમ આંધળકીયાં કરીને તેના મોહપાસમાં સપડાઇ જવું નહિ. સ્ત્રીના મોહપાસમાં સપડાયલા આ લોકને અને પરલોક સાધી શકતા નથી, માટે જેને આ લોક અને પરલોક સાધવાની ઇચ્છા હોય તેવાઓએ સ્ત્રીઓથી સર્વથા ચેતતા રહેવું જોઇએ છીએ; કારણ કે આ કલિમાં શુદ્ધ પતિવ્રતા સ્ત્રીઓ ભાગ્યેજ નજરે આવે તેમ છે.

સમાપ્ત.

જાહેર ખબર.

યોગચિન્તામણિ—વૈદ્યકનું આ અત્યુત્તમ પુસ્તક છે, તેનું ગુજરાતીમાં ભાષાન્તર પ્રથમ અમારા તરફથીજ પ્રકટ થયું છે, આ એકજ પુસ્તક મનુષ્યને એક ઉત્તમ વૈદ્યની ખોટ પુરી પાડે છે, પ્રત્યેક કુટુંબમાં રાખવા લાયક છે, કિમ્મત માત્ર દોઢ રૂપિયો,

શ્રીમદ્ ભગવદ્‌ગીતા—આ પુસ્તકનું ભાષાન્તર અમારા તરફથી પ્રકટ થઈ ચુક્યું છે આ પુસ્તક માટે લખવું એ સુવર્ણને રસવા સમાન છે, પ્રત્યેક મુમુક્ષુને અતિ ઉપયોગી થઇ પડે, તે માટે સ્થળે સ્થળે ટિપ્પણુ આપવામાં આવ્યું છે. જેથી કોઇપણ પ્રકારની શંકાને જન્મ થતો નથી. માટે આવાં અમૂલ્ય પુસ્તકનો લાભ લેવા ચુકવું નહિ. પુજામાં કામ આવે માટે રેશમી પુઠાંથી બાંધેલ ગુટકાના આકારે તૈયાર છે. કિમ્મત માત્ર દશ આના.

દમયન્તી—આ પુસ્તક દરેક ગૃહસ્થને ઘરમાં રાખવા લાયક છે. આ પુસ્તકથી સ્ત્રીઓને તથા પુરૂષોને નાનાપ્રકારનું શિક્ષણ મળે તેમ છે. માટે આ પુસ્તકનો લાભ લેવા ચુકવુ નહિ. કિમ્મત ત્રણ આના.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.